CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ માર્ચ ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૨ | અંક : ૨૫૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વસ્ત્રાલની ઘટના બાદ પોલીસ સફાળી જાગી

# આગામી ૧૦૦ કલાકમાં અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરવા કડક સૂચના

## રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

હાલ રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ લથડતી નજરે પડી રહી છે. અસામાજિક તત્ત્વો જાણે પોલીસનો કોઈ ડર જ ન હોય એવી રીતે આતંક મચાવતા હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે. એક ઘટના હજુ પતે નહીં ત્યાં બીજી ઘટના બને છે. ત્યારે અંતે ગુજરાત પોલીસ સફાળી જાગી છે. વસ્ત્રાલની ઘટના બાદ રાજ્યના પોલીસ વડાએ મોટો આદેશ આપતા જણાવ્યું છે કે, ૧૦૦ કલાકમાં રાજ્યભરના અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરવામાં આવે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજિક ગુંડા તત્ત્વો પર કડકમાં કડક કાર્યવાહી કરી તેમની પર સદંતર અંકુશ મેળવવાના ઉદ્દેશ સાથે આજે શનિવારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી. જેમાં આગામી ૧૦૦ કલાકની અંદર રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજિક ગુંડા તત્ત્વોની યાદી તૈયાર કરવા કડક સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં અસામાજિક ગુંડા તત્ત્વો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે લેવાયેલા આ નિર્ણયનું તાત્કાલિક અમલીકરણ કરવા આદેશ કરવામાં આવ્યા છે. આ અસામાજિક તત્ત્વોની યાદીમાં કેવા તત્ત્વોનો સમાવેશ કરવો તે અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. વારંવાર શરીર સંબંધી ગુનાઓમાં સંકળાયેલા, ખંડણી ઉઘરાવનારા, ધાક-ધમકી આપનારા, મિલકત સામેના ગુનાઓ આચરનારા, પ્રોહિબિશન-જુગારનો ધંધો કરનારા, ખનીજ ચોરી જેવા ગુનામાં સંકળાયેલા તથા અન્ય અસામાજિક કૃત્યો કરીને જનતામાં ભય ફેલાવનારાનો આ યાદીમાં સમાવવા આદેશ કરાયા છે. આ કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો તે સારી વાત છે, પરંતુ સવાલ એ છે કે, શું પોલીસ અત્યાર સુધી વસ્ત્રાલની ઘટનાની રાહ જોતી હતી? વસ્ત્રાલ જ નહીં, પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના અનેક વિસ્તારોમાં અસામાજિક તત્ત્વોનો આતંક છે. નબીરાઓ નશાખોરી કરીને બેખૌફ ફરે છે. આડેધડ ડ્રાઈવિંગ કરીને લોકોને કમોતે મારે છે, પરંતુ આવી ઘટનાઓ થાય ત્યારે જ પોલીસ કડક કાર્યવાહીનો દેખાડો કરે છે. તો સામાન્ય માણસને સવાલ થાય છે કે, પોલીસ આ તત્ત્વોને કાબુમાં રાખવા પ્રયાસ કરે છે કે પછી આવી કોઈ ઘટના થાય ત્યારે ખાલી નાટક કરીને સંતોષ માની લે છે? આવા તત્ત્વો દાખલ થયેલા ગુનામાં જામીન ઉપર છૂટ્યા પછી અન્ય કોઈ ગેરકાયદે કૃત્યમાં પકડાયેલા હોય તો જામીન રદ કરવા જરૂરી કાર્યવાહી કરવા તેમજ પાસા અને તડીપાર જેવી અસરકારક જોગવાઈઓનો ઉપયોગ કરવાનો પણ પોલીસ વડાએ આદેશ આપ્યો છે. આ ઉપરાંત ભાડુઆત તરીકેની નોંધણી ના કરી હોય તો પણ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપી છે. આમ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા અને પોલીસ અધીક્ષકને આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અને અંગત ધ્યાન આપી જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર થયા બાદ સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કરી કેવા પ્રકારની કડક કાર્યવાહી કરવાની રહેશે તે અંગે પણ સ્પષ્ટ સૂચનાઓ આપી છે. આ સિવાય આ તત્ત્વોએ ગેરકાયદે બાંધકામ કરેલું હોય તો તેને દૂર કરવા સ્થાનિક સંસ્થાઓ સાથે સંકલન કરી જરૂરી કાર્યવાહી કરવા, સરકારી જમીન ઉપર દબાણ કર્યું હોય, તો કાયદેસરની કાર્યવાહી કરવા, ગેરકાયદે વીજ જોડાણ ધ્યાને આવે તો ર્પેફદ્ર- સાથે વાત કરીને કાયદેસરની કાર્યવાહી કરવા, તેમના બેંક ખાતા ચકાસીને નાણાકીય વ્યવહારમાં કોઈ ગેરકાયદે કૃત્ય જણાય તો જરૂરી કાર્યવાહી કરવા કડક સૂચના અપાઈ છે.

### વડોદરા અકસ્માત કેસમાં મોટો ઘટસ્ફોટ

## ‘ડ્રગ્સ લઈને મસ્તી કરવા નીકળ્યા હતા રક્ષિત અને તેનો મિત્ર’

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।



વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આમ્રપાલી કોમ્પ્લેક્ષ નજીક મિત્ર સાથે કારમાં જતા નબીરાએ પૂરપાટ ગતિએ અન્ય વાહનો પર જતા લોકોને ફંગોળી નાખ્યા હતા. જેમાં હેમાલી પ ટેલ નામના મહિલાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જનાર કાર ચાલકને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આ કેસમાં કાર ચાલક અને તેની સાથે રહેલા યુવકનો પોલીસે તત્કાલિક અસરથી રેપિડ ટેસ્ટ કર્યો હતો. જેમાં કાર ચાલક રક્ષિત ચોરસિયા અને પ્રાંશું ચૌહાણે ડ્રગ્સનો નશો કર્યો હોવાનું બહાર આવ્યું છે. હવે આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.વડોદરા પોલીસે જણાવ્યું હતું કે અકસ્માત કરનાર બે શખ્સોએ રાત્રે અકસ્માત પહેલા હોળીના દિવસે મોજ કરવા ડ્રગ્સ લીધો હોવાનું રેપિડ ટેસ્ટમાં બહાર આવ્યું છે. મેડિકલ ટેસ્ટ પણ કરાવ્યો છે તેનો રિપોર્ટ પણ જલદી મેળવવામાં આવશે. મળતી માહિતી મુજબ મૃતકમાં હેમાલીબેનનું નામ સામે આવ્યું છે જે ધૂળેટી માટે ખરીદી કરવા નીકળ્યા હતા. તેમના સિવાય જૈની, નિશાબેન અને એક અજાણી બાળકી તથા ૪૦ વર્ષીય વ્યક્તિ પણ અકસ્માતનો ભોગ બની હતી. જેમની હાલત ગંભીર હોવાથી તે સારવાર હેઠળ છે. મૃતકાંક વધવાની પણ શક્યતા છે.

### ન્યૂઝ બ્રિફ

#### જે લોકો પાકિસ્તાન જતા રહ્યા તે ડરપોક હતા : ઓવૈસી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના વડા અસદુદ્દીન ઓવૈસીએ મસ્જિદોને ઢાંકવા અંગે કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, જે લોકો પાકિસ્તાન જતા રહ્યા તે ડરપોક હતા. બહાદુર તો એ લોકો છે જે ભારતને પોતાની માતૃભૂમિ માને છે. હૈદરાબાદમાં એક સભાને સંબોધતા અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, મુસ્લિમોને તેમના જ દેશમાં બીજા દરજ્જાના નાગરિક કેમ ગણવામાં આવી રહ્યા છે?

#### કર્ણાટકમાં મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને સરકારી ટેન્ડરમાં ૪ ટકા અનામત

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૫ ।

કર્ણાટકની કોંગ્રેસ સરકારે મુસ્લિમ કોન્ટ્રાક્ટર્સને સરકારી ટેન્ડરમાં ૪ ટકા અનામત આપવાનો નિર્ણય લીધો છે. સિદ્ધારમૈયા સરકારે કર્ણાટક પબ્લિક પ્રોક્યોરમેન્ટ એક્ટ, ૧૯૯૯ માં સંશોધનને મંજૂરી આપી દીધી છે. ટેન્ડરની મહત્તમ સીમા ૨ કરોડ રૂપિયા આપવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ બદલાવનું બિલ વિધાનસભામાં આ બજેટ સત્રમાં જ લાવવામાં આવશે.

### મુખ્યમંત્રી માને કહ્યું પંજાબની શાંતિ ડહોળવા પ્રયાસ

## અમૃતસરમાં મંદિર પાસે ગ્રેનેડથી હુમલો કરાયો

**રાત્રે લગભગ ૧૨.૩૦ વાગ્યા બે યુવક બાઈક પર આવ્યા અને મંદિર પાસે રોકાયા**

। (એજન્સી) અમૃતસર, તા.૧૫ ।

પંજાબના અમૃતસરમાં ખંડવાલા વિસ્તારના ઠાકુરદ્વારા મંદિરની પાસે શુક્રવારે મોડી રાત્રે ગ્રેનેડથી હુમલો થયો. બાઈક સવાર બે અજાણ્યા યુવકોએ મંદિરની બહાર વિસ્ફોટક સામગ્રી ફેંકી, જેનાથી જોરદાર હુમલો થયો. હુમલામાં કોઈ જાનહાનિ થઈ નહીં, પરંતુ મંદિરની દિવાલો, દરવાજા અને કાચ ખરાબ રીતે નુકસાનગ્રસ્ત થઈ ગયા. ઘટના બાદ પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી અને મંદિર પરિસરની સફાઈ કરાવી.



મંદિરની બહાર લાગેલા સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના રેકોર્ડ થઈ છે. ફુટેજમાં જોવા મળી રહ્યું છે કે રાત્રે લગભગ ૧૨.૩૦ વાગ્યા બે યુવક બાઈક પર આવ્યા અને મંદિરની પાસે રોકાયા. તેમાંથી એકે ગ્રેનેડ ફેંક્યો અને પછી બંને ઝડપથી ફરાર થઈ ગયા. પોલીસે ફુટેજના આધારે હુમલાખોરોની ઓળખ કરવાનો પ્રયત્ન શરૂ કરી દીધા છે. આ હુમલાની પાછળ કોઈ આતંકી ષડયંત્રની આશંકાથી ઈનકાર કરી શકાય નહીં.


પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આ હુમલા પર આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે અમુક અસામાજિક તત્વ પંજાબમાં અશાંતિ ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ તેનું આ ષડયંત્ર સફળ થશે નહીં. માને કહ્યું, અમે રાજ્યમાં શાંતિ જાળવી રાખવા માટે સમગ્ર રીતે પ્રતિબદ્ધ છીએ. પંજાબને અસ્થિર કરવાનો આ પ્રયત્ન નવો નથી. ડ્રગ્સ, ગેંગસ્ટર અને ખંડણીની ઘટનાઓ દ્વારા એવો માહોલ બનાવવામાં આવે છે કે લાગે કે પંજાબમાં અશાંતિ છે પરંતુ અમારી સરકાર કડકાઈથી આવા તત્વો વિરુદ્ધ કાર્યવાહી કરી રહી છે.

મંદિર પર થયેલા આ હુમલાએ અમૃતસર સહિત સમગ્ર પંજાબની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલ ઊભા કરી દીધા છે. ઠાકુરદ્વારા મંદિરના પૂજારી મુરારી લાલ શર્માએ મીડિયાવાળાને જણાવ્યું કે બ્લાસ્ટનો અવાજ સાંભળીને હું તાત્કાલિક બહાર નીકળ્યો તો જોયું કે મંદિરની બારીઓ અને દરવાજા નુકસાનગ્રસ્ત થઈ ચૂક્યા છે. સંત મહામંડલેશ્વર અશ્રીલ જી મહારાજે રાજ્યમાં વધતાં હુમલા પર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે સરકાર અને પોલીસે આકરી કાર્યવાહી કરવી પડશે જેથી આ પ્રકારની ઘટનાઓ પર રોક લગાવવામાં આવી શકે.

### પાંચને ઈજા, એકની હાલત ગંભીર

## અમૃતસરમાં સુવર્ણ મંદિરમાં બે જૂથો વચ્ચે મારામારી

। (એજન્સી) અમૃતસર, તા.૧૫ ।



અમૃતસરમાં શીખોના પવિત્ર સ્થળ સુવર્ણ મંદિરમાં એક અજાણ્યા યુવકે પાંચ શ્રદ્ધાળુઓ પર લાકડી વડે હુમલો કર્યો હતો. શુક્રવારે બનેલી આ ઘટનામાં ભટિંડાના એક શીખ યુવકની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યુ છે. આ યુવાનની અમૃતસર ખાતે શ્રી ગુરુ રામદાસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ એન્ડ રિસર્ચના ઈમરજન્સી વિંગમાં સારવાર ચાલી રહી છે. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે સુવર્ણ મંદિરમાં લોકો પર હુમલો કરવાના આરોપી અને તેના સાથીદારની પોલીસે ધરપકડ કરી છે. એક પોલીસ અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, બીજા આરોપીએ ભક્તો પર હુમલો કરનાર વ્યક્તિ સાથે મળીને રેકી કરી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે, આ હુમલો સમુદાયિક રસોડા પાસે સૌથી જૂના ગુરુ રામદાસ સરાઈની અંદર થયો હતો. શિરોમણી ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીએ માહિતી આપી કે આરોપીઓએ અચાનક ભક્તો પર લાકડીથી હુમલો કરવાનું શરૂ કર્યુ હતું.ડૉ. જસમીત સિંહે કહ્યું, ‘દર્દીઓ દ્વારા અમને આપવામાં આવેલા નિવેદનો પ્રમાણે એક અજાણ્યા હુમલાખોરે પીડિતો પર લાકડી દ્વારા હુમલો કર્યો. અમારી પાસે પાંચ દર્દીઓ મોકલવામાં આવ્યા હતા, જેમાંથી એક ગંભીર હાલતમાં છે અને ICUમાં છે જ્યારે બાકીના ચારની હાલત સ્થિર છે.’ પીએસ કોતવાલીના SHO સરમેલ સિંહે જણાવ્યું હતું કે, ‘શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટિએ ઝુલ્ફાન નામના વ્યક્તિને પોલીસના હવાલે કર્યો છે. સુવર્ણ મંદિર સંકુલમાં અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષના લોકો ઘાયલ થયા હતા.

## અમે તમામ ૨૧૪ બંધકોને મારી નાખ્યા : બીએલએ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૫ ।

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં ટ્રેન હાઈજેક કરનાર ભાગલાવાદી સંગઠન બલૂચ લિબરેશન આર્મી (BLA) એ હવે મોટો દાવો કર્યો છે. BLAનું કહેવું છે કે અમે તમામ ૨૧૪ બંધકોને મારી નાખ્યા છે. માર્યા ગયેલા તમામ ૨૧૪ બંધકો પાકિસ્તાની આર્મીના સૈનિકો હતા. BLAના આ દાવા સાથે પાકિસ્તાનની પોલ ખુલતી દેખાઈ રહી છે કેમ કે થોડા દિવસો પહેલા પાકિસ્તાને દાવો કર્યો હતો કે ટ્રેન હાઈજેક કરનારા ૩૩ બલૂચ બળવાખોરોને મારી નાખવામાં આવ્યા છે અને તમામ બંધકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મંગળવારે બલૂચ બળવાખોરોએ બલૂચિસ્તાનના બોલાન નજીક ક્વેટાથી પેશાવર જતી જાફર એક્સપ્રેસ ટ્રેનને હાઈજેક કરી લીધી હતી. ટ્રેનમાં ૪૫૦થી વધુ લોકો હાજર હતા, પરંતુ BLAએ વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને જવાની મંજૂરી આપી હતી. પાકિસ્તાની સેનાએ બુધવારે દાવો કર્યો હતો કે જાફર એક્સપ્રેસ ટ્રેનમાં બંધક બનાવી લેવાયેલા લોકોને મુક્ત કરાવવાન ઓપરેશનમાં તમામ ૩૩ BLA બળવાખોરોને મારી નાખવામાં આવ્યા છે. પાકિસ્તાની સેનાએ પણ કહ્યું હતું કે અમે તમામ બંધકોને બચાવી લીધા છે. જો કે, પાકિસ્તાની સેનાએ બંધકોને મુક્ત કરવા અથવા BLAને થયેલા નુકસાન અંગે કોઈ વીડિયો કે ફોટોગ્રાફ્સ જાહેર કર્યા નહોતા. ત્યારે મ્ન્છએ પાકિસ્તાની સેનાને કેદીઓની અદલાબદલી માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું. બીએલએએ કહ્યું કે અમે આંતરરાષ્ટ્રીય કાયદા અને યુદ્ધના દાયરામાં રહીને જ બધું કામ કર્યુ છે. પાકિસ્તાન સૈન્ય તેના જવાનોના બલિદાન માટે જવાબદાર છે. બીએલએએ કહ્યું કે પાકિસ્તાન સરકાર તેના સૈન્યનો ઉપયોગ શાંતિ માટે નહીં પણ યુદ્ધ ભડકાવવા માટે કરે છે. આ પ્રકારની હરકતોને કારણે તેણે ૨૧૪ જવાનો ગુમાવવા પડ્યા છે.

## સદ્‌ગુરુ જગ્ગીએ જામનગરમાં વનતારાની મુલાકાત લીધી

। (એજન્સી) જામનગર, તા. ૧૫ ।

આધ્યાત્મિક ગુરુ સદગુરુએ તાજેતરમાં ગુજરાતના જામનગરમાં સ્થિત વિશ્વના સૌથી મોટા વન્યજીવ બચાવ અને પુનર્વસન કેન્દ્ર ‘વનતારા’ની મુલાકાત લીધી હતી. તેમણે અનંત અંબાણી અને તેમની ટીમના પ્રયાસોની પ્રશંસા કરી જેમણે આ અનોખું અભયારણ્ય બનાવ્યું છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલ એક વિડિયોમાં, સદગુરુએ વંતરાને માનવ કરુણા અને સંભાળનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું અને માનવીઓ અને વન્યજીવનના સહઅસ્તિત્વ માટે આ અનન્ય પહેલની પ્રશંસા કરી હતી. સદગુરુએ કહ્યું, મેં વિશ્વભરમાં પ્રવાસ કર્યો છે અને તમામ પ્રકારના પ્રાણીસંગ્રહાલયો જોયા છે, પરંતુ હું કહી શકું છું કે વનતાર જેવું બીજું કોઈ સ્થાન નથી.

## રાજસ્થાન રોયલ્સને ઝટકો, સંજૂ સેમસન નહીં કરી શકે વિકેટકીપિંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ સીઝન ૨૨ માર્ચથી શરૂ થવા જઈ રહી છે. IPL ૨૦૨૫ પહેલા રાજસ્થાન રૉયલ્સ (RR) ટીમને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. રાજસ્થાન રૉયલ્સ (RR)ના કેપ્ટન સંજુ સેમસનની ફિટનેસને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. રાજસ્થાન રૉયલ્સ (RR) ને IPL ૨૦૨૫ માં તેની પ્રથમ મેચ ૨૩ માર્ચે સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામે રમવાની છે. રાજસ્થાન રૉયલ્સ (RR)ના કેપ્ટન સંજુ સેમસનને ઈંગ્લેન્ડ સામેની T20I સિરીઝ દરમિયાન તેની તર્જની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું. આવી સ્થિતિમાં, તેને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫ પહેલા બેંગલુરુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા બેટિંગ કરવાની પરવાનગી આપવામાં આવી છે. પરંતુ હજુ સુધી એ અંગે કોઈ જાણકારી નથી મળી કે તે IPLમાં વિકેટકીપિંગ કરી શકશે કે નહી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સેન્ટર ઓફ એક્સેલન્સના ફિઝિયો, સેમસનની બેટિંગ કરવાની ક્ષમતાથી સંતુષ્ટ છે, પરંતુ તેઓ વિકેટકીપિંગ કરતી વખતે ક્રિકેટરના કમ્ફર્ટ લેવલને પણ ચેક કરવા ઈચ્છે છે. જો સેમસનને વિકેટ કીપિંગ માટે પરવાનગી નહીં મળે તો ધ્રુવ જુરેલને ટીમનો વિકેટકીપર બનાવવામાં આવી શકે છે. જુરેલને ફ્રેન્ચાઈઝીએ ૧૪ કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો. ટીમમાં અન્ય કોઈ વિકેટકીપર-બેટ્સમેન નથી. સંજુ સેમસન ભારતના ભૂતપૂર્વ હેડ કોચ રાહુલ દ્રવિડ સાથે કામ કરવા માટે ઉત્સાહિત છે, જેમણે રાજસ્થાનની કેપ્ટનશિપ પણ કરી છે. પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા સેમસને કહ્યું કે, ‘રાહુલ સર તે જ હતા જેમણે મને ટ્રાયલ્સમાં જોયો હતો, તે મારી પાસે આવ્યા અને કહ્યું હતું કે તું મારી ટીમ માટે રમી શકે છે, ત્યારથી લઈને અત્યાર સુધી, હું ફ્રેન્ચાઈઝીનો કેપ્ટન છું અને તેઓ પાછા આવી રહ્યા છે.

## RJD નેતા તેજપ્રતાપ યાદવે પોલીસકર્મીને આપી ધમકી

। (એજન્સી) પટણા, તા.૧૫ ।

ગઈકાલે દેશભરમાં હોળી-ધુળેટીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ત્યારે હવે બિહારથી એક વીડિયો સામે આવ્યો છે, આ વીડિયો RJD નેતા તેજપ્રતાપ યાદવનો છે. વાસ્તવમાં હોળીના તહેવાર પર તેજપ્રતાપ યાદવે એક પોલીસકર્મીને વર્દીમાં ડાન્સ કરાવ્યો હતો. પટનામાં પોતાના નિવાસસ્થાને હોળી પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, આ દરમિયાન RJD નેતા તેજપ્રતાપ યાદવે એક પોલીસકર્મીને સસ્પેન્ડ કરાવવાની ધમકી આપીને ડાન્સ કરાવ્યો હતો. જેનો વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે તેજપ્રતાપ યાદવ સ્ટેજ પર બેઠાં-બેઠાં માઈકમાં પોલીસકર્મીને કહે છે કે જો તે ઠુમકા નહીં લગાવે તો તે સસ્પેન્ડ થઈ જશે. તેજપ્રતાપની ધમકીથી ડરીને પોલીસકર્મી વર્દીમાં જ ડાન્સ કરવા લાગે છે. આ ઘટના પર હવે રાજકારણ શરૂ થઈ ગયું છે.

જેડીયુના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે કહ્યું કે, જંગલરાજ ખતમ થઈ ગયું છે, પરંતુ લાલુ યાદવના યુવરાજ એક પોલીસકર્મીને ધમકી આપી રહ્યા છે કે જો તેઓ (પોલીસકર્મી) તેમની સૂચનાઓનું પાલન નહીં કરે તો તેમને પરિણામ ભોગવવા પડશે. બિહાર હવે બદલાઈ ગયું છે. તેજસ્વી યાદવ હોય, તેજ પ્રતાપ યાદવ હોય કે લાલુ યાદવના પરિવારના કોઈ સભ્ય હોય- તેમણે એ સમજવાની જરૂર છે કે આ બદલાતા બિહારના માહોલમાં આવી હરકતો માટે કોઈ સ્થાન નથી. જેડીયુના નેતા અરવિંદ નિષાદે કહ્યું કે, જે રીતે તેજપ્રતાપ યાદવે તેમની સુરક્ષામાં તૈનાત પોલીસકર્મીને ઠુમકા લગાવવાનો આદેશ આપ્યો, તે લાલુ પ્રસાદ અને રાબડી દેવીના શાસનકાળની યાદ અપાવે છે. તેમણે જે રીતે પોલીસકર્મી સાથે વ્યવહાર કર્યો તે અયોગ્ય છે. તેમણે કહ્યું કે વર્તમાનમાં લાલુ યાદવ અને રાબડી દેવીના યુગની કલ્પના પણ કરી શકાતી નથી.

CMYK

## ન્યુઝ બોક્ષ

### ધૂળેટીએ માર્ગ અકસ્માતનાં ૭૧૫, મારામારીના ૩૬૦ કોલ આવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાતમાં હોળી-ધૂળેટીના પર્વની પર મારામારી, માર્ગ અકસ્માત સહિતની ઘટનાઓ સામે આવી રહી છે. તહેવારોમાં અકસ્માત સહિતની ઘટનાઓને ધ્યાનમાં રાખીને રાજ્યમાં ચોવિસ કલાસ ૧૦૮ ઈમરજન્સી સેવામાં સજ્જ રહી હતી. ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા રાજ્યમાં ધૂળેટીની સાંજ ૬ વાગ્યા સુધીમાં આવેલા કોલને લઈને આંકડાકીય માહિતી જાહેર કરી છે. જેમાં મેડિકલ ઈમરજન્સીના કેસમાં ૩૦ ટકા વધારો થયો આશંક છે, ત્યારે ૩૪૮૫ કોલ્સમાંથી ૭૧૫ માર્ગ અકસ્માતના કોલ નોંધાયા હતા.૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, રાજ્યમાં આજે શુક્રવારે ધૂળેટીના દિવસે ૩૪૮૫ મેડિકલ ઈમરજન્સી કોલ્સ રિસિવ કરવામાં આવ્યા હતા. જેમાંથી માર્ગ અકસ્માતની ઘટનાના સૌથી વધુ ૭૧૫ કોલ્સ નોંધાયા હતા. જ્યારે ૩૬૦ મારામારીના અને ૨૦૯ સામાન્ય ઈજાના નોંધાયા હતા.અમદાવાદમાં સૌથી વધુ ૯૫ માર્ગ અકસ્માતના ઈમરજન્સી કેસ નોંધાયાજ્યારે અકસ્માતના કેસની વાત કરીએ તો, અમદાવાદમાં ૯૫, સુરતમાં ૯૩, વડોદરામાં ૫૧, રાજકોટમાં ૩૪, દાહોદમાં ૩૦, ખેડામાં ૨૯, બનાસકાંઠામાં ૨૪, પંચમહાલ-ભરૂચમાં ૨૩-૨૩ અને વલસાડ, નવસારી અને આણંદમાં ૨૦-૨૦ કોલ્સ ૧૦૮ ઈમરજન્સીમાં આવ્યા હતા. સામાન્ય રીતે રાજ્યમાં સરેરાશ ૩૭૩૫ ઈમરજન્સી કોલ્સ નોંધાતા હોય છે. જ્યારે સામાન્ય દિવસની સરખામણીએ માર્ગ અકસ્માતને લઈને ૧૦૮ ઈમરજન્સીમાં નોંધાયેલા કેસમાં વધારો જોવા મળ્યો છે. જેમાં ૪૫૮ સામાન્ય દિવસના કોલની તુલનાએ એક દિવસમાં ૨૫૭ જેટલાં કોલ વધુ નોંધાયા હતા.

### વલસાડી હાફૂસ સહિતની કેરીનો પાક ઓછો થવાની ભીતિ

। (એજન્સી) વલસાડ, તા.૧૫ ।

દેશ વિદેશમાં ખ્યાતિ પામેલી વલસાડી હાફૂસ સહિત કેરીનો પાક ગ્લોબલ વોર્મિગ અને વાતાવરણમાં થતા ફેરફારને આ વર્ષે પણ ઓછો થવાની ખેડૂતો દહેશત વ્યક્ત કરી રહ્યા છે. વૃક્ષ પર શરૂઆતના તબક્કામાં મંજરી ફુટયા બાદ ખેડૂતોએ વધુ પાક થવાની આશા સાથે સમાંયતરે જતુંનાશક દવાનો છંટકાવ કરવા છતા જતુંના ઉપ દ્રવને કારણે નુકસાન ભીતિ વ્યક્ત થઈ રહી છે.વલસાડ જિલ્લામાં આ વર્ષે શરૂઆતના તબક્કામાં આંબાવાડીમાં વ્યાપક પ્રમાણમાં મંજરી ફુટી નિકળતા ખેડૂતો ગેલમાં આવી જઈ આ વર્ષે કેરીનો પાક વધુ આવશે એવી આશા સાથે તનતોડ મહેનત કરવા મંડી પડ્યા હતા. પરંતુ વાદળછાયા વાતાવરણ, કમોસમી વરસાદ, અસહ્ય ગરમીને કારણે વૃક્ષ પરથી મોર ખરી પડવાનો સિલસિલો શરૂ થયો હતો.

# કપડવંજના આતરસુંબા ઠાકોરવાસ ખાતે શ્રી તુળજા ભવાની માતાજી મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૫ ।

આજ રોજ પ્રતિ વર્ષની જેમ હોળી ધૂળેટીના પર્વે આતરસુંબા ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા ઠાકોરવાસ ખાતે શ્રી તુળજા ભવાની માતાજી મંદિર તથા શ્રી જોગણી માતાજી મંદિર ખાતે પુજા અર્ચન હવન તોરણ ભવાઈ જાતર તથા મહા પ્રસાદી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતુ.

જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભાવિકોએ શ્રધ્ધા પૂર્વક માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

આતરસુંબા ઠાકોરવાસ ગલાબપુરાના સર્વે વડીલો, યુવાનો તથા માતાઓ બહેનોએ સમગ્ર ધાર્મિક પ્રસંગને સુંદર આયોજન થકી સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, શ્રી સંજયભાઈ પટેલ, શ્રી હેમરાજભાઈ દેસાઈ ભુવાજી, શ્રી જીગાભાઈ ભગત, શ્રી અશોકભાઈ પટેલ, પૂર્વ સરપંચ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર, શ્રી સુરેશભાઈ પરમાર, શ્રી કનુભાઈ પરમાર, શ્રી ઈન્દુભાઈ પરમાર, શ્રી મંગાજી પરમાર, શ્રી રમેશભાઈ પરમાર, શ્રી બાબુભાઈ સોલંકી, શ્રી લાલાજી સોલંકી, શ્રી કેશાજી સોલંકી, શ્રી રાજુભાઈ પરમાર, શ્રી રમેશભાઈ પરમાર, શ્રી ગોવિંદભાઈ પરમાર, શ્રી પુંજાભાઈ પરમાર, શ્રી સુમિતભાઈ પરમાર, શ્રી ભૂપતભાઈ સોલંકી, શ્રી અમરાજી પરમાર, શ્રી પ્રભાતભાઈ પરમાર, શ્રી બાબુભાઈ પરમાર, શ્રી ગોપાલભાઈ પરમાર, શ્રી દિનેશભાઈ પરમાર, શ્રી ભલાભાઈ પરમાર, શ્રી પરબતભાઈ પરમાર, શ્રી બચુભાઈ પરમાર, શ્રી ભદ્રેશભાઈ પરમાર, શ્રી વિનોદભાઈ પરમાર, શ્રી પરેશભાઈ ત્રિવેદી સહિત સમગ્ર ઠાકોરવાસ અને ગલાબપુરાના સમસ્ત આગેવાનો, વડીલો, સર્વે યુવામિત્રો, ભાઈઓ, બહેનો અને વ્હાલા બાળકો સહિત ભાવિકોએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમને દિપાવ્યો હતો.

સમસ્ત આતરસુંબા ક્ષત્રિય સમાજ ઠાકોરવાસ અને ગલાબપુરાના તમામ યુવા મિત્રો અને તમામ આગેવાનોએ સુંદર અને સફળ આયોજન કર્યું હતું.

## હોલિકા દહન ઉત્સવ કડાણા



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકા મથક અને ગામે ફાગણ સુદ પૂનમને ગુરુવાર તારીખ ૧૩ /૩ /૨૫ ના રોજ સાંજે ૭:૩૦ કલાકે દર વર્ષની જેમ આ વર્ષે પણ હોલિકા દહનનો ઉત્સવ નિયત સ્થળે રાખવામાં આવેલ હતો. અધર્મ ઉપર ધર્મના વિજય પર્વ નિમિત્તે આખા ગામમાંથી અનેક વ્યક્તિઓ દર્શન માટે આવે છે. હોળી માતાની શ્રીફળચારી સાત પ્રદક્ષિણાઓ કરી ખજૂર, ધાણી, કમળ કાકડીથી પૂજન અર્ચન કરી પોતાનીમનોકામનાઓ સફળ થવા બાબતની યાચના કરી ધન્યતા અનુભવે છે.



તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

ધી સંતરામપુર અર્બન કો ઓપરેટિવ બેંક લિમિટેડ સંતરામપુર દ્વારા ઉત્સુક, ઉત્સાહી અને સનાતની વિચારધારાને લઈ સતત લોકોના મુંઝવતા પ્રશ્નોનો નિકાલ કરવામાં ખડેપગે રહેતા અને સતત પ્રદેશે તેમને મહીસાગર જિલ્લાના પાર્ટી પ્રમુખ તરીકે સેવાનું સુકાન સોંપેલ તેવા દશરથભાઈ બારીયા સાહેબનું સ્વાગત ધી અર્બન કો ઓપ બેંક લી. સંતરામપુર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. જેમાં બેંક ના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ તેમજ વાઈસ ચેરમેન શિવાભાઈ વણકર અને બેંકના તમામ ડિરેક્ટરઓ તથા બોર્ડ ઓફ ડિરેક્ટર અને બેંકનો સ્ટાફ ઉપસ્થિત રહી તેમનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

# કાંકરેજ તાલુકાના થરા તાણા, વડા સહિત નગર ગામડાંઓમાં હોળી-ધુળેટી પર્વની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી







તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૫ ।

કાંકરેજ તાલુકાના થરા નગરમાં રબારીવાસ, તેરવાડીયા વાસ, તખતપુરા, રામજી મંદિર પાસે તાણા,વડા, ઊણ,રાજપુર,નાના મોટા જામપુર, મૈડકોલ,ખરીયા ટોટાણા સહિત નગર ગામડાંઓ માં ઠેર ઠેર જગ્યાએ ચંદ્રગ્રહણના કારણે જયોતિષ શાસ્ત્રની સુચના મુજબ હોળી પ્રગટાવવાનુ આયોજન કરવામાં આવેલ આમ તો જોવા જઈએ તો હિંદુ ધર્મમાં રાજસ્થાનમાં હોળીનું ખૂબ મહત્વ છે. જૂની પરંપરા મુજબ ગાય ભેંસના છાણમાંથી છાણા બનાવી નગર ગામમાં મહોલ્લા સોસાયટી કે ગામના પાદરે છાણાનો ઢગલો કરી ઢગલા પર ધજા રાખી હોળી પ્રગટાવીમાં આવે છે અને ત્યાં નવોઢા વર વધુ નવોદિત નાના બાળકોની જેમ્ભ ઢુંઢ, વ્રત ધારી નર નારી સૌ કોઈ હોળીના દર્શન કરી, પ્રદક્ષિણા ફરી પગે લાગી શ્રીફળ ગોળ ધાણી ચણા હોળીમાતાને અર્પણ કરી ધન્યતા અનુભવે છે. બીજા દિવસે એટલે શુક્રવારે ફાગણ વદ એકમ ધુળેટી રંગોત્સવ પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી.

હોળીનું શું મહત્વ હોય છે એ આવો જાણીએ.. હિરણ્યકશ્યપ નામે રાજા... જાણે દૈત્યનો અવતાર.. પરંતુ કાદવમાં કમળ.. પુત્ર પ્રભુ ભક્ત પ્રહલાદ... પિતા ભગવાનના વિરોધી.. પુત્ર ભગવાનનો પરમ ભક્ત... બન્ને પોતાની જીદ પર અડગ... પિતા એ પુત્રની જીદ ન છોડાવી શકતા હત્યાના કર્યાના અનેક પ્રયાસ...

પરંતુ આ તો સાચો પ્રભુ ભકત બહેન હોલીકા ની મદદથી હીરણ્ક શ્યપે પ્રહલાદને સળગાવવા કર્યો પ્રયાસ પરંતુ થયુ ઉલ્ટુ હોલીકા થઈ બળીને ભસ્મ અને પ્રભુ ભકત પ્રહલાદ અગ્નિમાંથી બહાર આવ્યો હસતો રમતો. પ્રજાજનો એ મનાવ્યો આનંદોત્સવ ખુશીથી એકબીજા પર ઉડાડયા રંગ અને ગુલાલ બસ કહેવાય છે કે ત્યારથી ફાગણસુદ પુનમના દિનને હોળી તરીકે અને ફાગણ વદ પડવાના એકમના દિનને ધુળેટી તરીકે રંગેચંગે અબલા વૃધ્ધ સૌ હોશે હોંશે ઉજવે છે.હોળીનો તહેવાર પણ અનિષ્ટ પર સારાની જીતની ઉજવણી કરે છે. દુષ્ટતા, અહંકાર, ઈચ્છાઓ અને નકારાત્મકતાને બાળી નાખવા માટે રંગોના તહેવાર પહેલા દર વર્ષે સાંજે પવિત્ર હોળી પ્રગટાવવામાં આવે છે.હોળીએ બંધન, મિત્રતા, એકતા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનો તહેવાર છે. સાંજનો સમય એ સમય છે જ્યારે હોળીનો પ્રકાશ દુષ્ટતાના અંતનો સંકેત આપે છે. આગલી સવારે રંગો સાથે રમવાનો, મિત્રતા અને ખુશીની ઉજવણી કરવાનો દિવસ છે, જેમાં ઘણું ગાવાનું અને નૃત્ય સામેલ છે. હોળીમાં હૃદય મનની વિકૃતિઓનું દહન કરી બીજા દિવસે સવારથી રંગોત્સવ ધુળેટી પર્વની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવે છે.

## વિશેષ

### ચકલીઓને તેમના નિવાસસ્થાનમાં પાછા લાવવા માટે પક્ષી ઘર બનાવવાની સ્પર્ધા...

# રિસાયક્લિંગને પ્રોત્સાહન આપતી આ સ્પર્ધામાં કચરામાંથી નવીન ડિઝાઇનના પક્ષીઘરો જોવા મળ્યા







। (માહિતી) વડોદરા ।

ચકલીઓ વિશે જાગૃતિ લાવવા અને તેમને તેમના રહેઠાણોમાં પાછા લાવવા માટે, સ્ટાર ઈન્ડિયા એ બર્ડ હાઉસ મેકિંગ સ્પર્ધાનું આયોજન કર્યું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ નાના પક્ષીઓ માટે પ્રેમ અને કાળજી કેળવવાનો અને તેમને જીવનભર મિત્રો બનાવવાનો છે. જેમાં યુતિકા મિસ્ત્રી અને તેની નાની બહેન ધ્રુવિકા નાના પક્ષીઓ માટે સુંદર પક્ષી ઘરો બનાવવા માટે સર્જનાત્મકતાનો ઉપયોગ કરી અને ચકલીઓને બચાવવાનો અને તેમને આપણા ઘરે પાછા લાવવામાં મદદ કરવા માટે પ્રેરિત કરવાનો હતો. તેમની જેમ, સમગ્ર ભારતમાંથી સહભાગીઓએ આ વર્ષની થીમ, "છોટી છત બડે અરમાન" પર પોતાના વિચારો ડિઝાઈન અને પેઈન્ટ કર્યા. સૌથી પ્રભાવશાળી હકીકત અહીં સહભાગીઓએ કચરામાંથી નવીન અને સર્જનાત્મક પક્ષી ઘરો બનાવ્યા, જે રિસાયક્લિંગને અને પ્રકૃતિ સાથેના જોડાણને પ્રોત્સાહન આપે છે.

સ્ટાર (સ્પેરો ધ એજન્ડા ઓફ રિસર્જન્સ) ઈન્ડિયા, વિવિધ રીતે જાગૃતિ લાવવાના પ્રયાસો કરી રહી છે અને આ સ્પર્ધા તેમાંની એક છે. આ વર્ષે પક્ષી ઘર બનાવવાનો સ્પર્ધા તેના પાંચમા વર્ષમાં પ્રવેશ કરી રહી છે, જેમાં ભારતભરમાંથી ૫૦૦ થી વધુ સહભાગીઓ જોડાયા. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય દેશી ચકલીઓ વિશે જાગૃતિ લાવવાનો અને તેમના નિવાસસ્થાનમાં પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ વર્ષે, ખાસ કરીને ૩ વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળકોમાં જાગૃતિ વધારવા માટે એક ચિત્ર સ્પર્ધા શરૂ કરવામાં આવી. સહભાગીઓએ "છોટી છત બડે અરમાન" થીમનું પોતાનું અર્થઘટન ડિઝાઈન અને પેઈન્ટિંગ કર્યું હતું. સ્ટાર ઈન્ડિયાના સંચાલક અને આર્કિટેકટ તનુજ તપસ્વી દેસાઈ એ જણાવ્યું કે, લોકો તેમની સર્જનાત્મકતાનો ઉપયોગ કરીને હવામાન, લાઈટિંગ, વેન્ટિલેશનની દ્રષ્ટિએ સ્પેરો માટે શ્રેષ્ઠ અનુકૂળ ઘરો ડિઝાઈન કરી અને તેમને અન્ય પક્ષીઓ અને પ્રાણીઓથી પણ બચાવી શકે તેવા બર્ડ હાઉસ બનાવે અને અભિયાનમાં જોડાય. બર્ડ હાઉસની ડિઝાઈનમાં છિદ્રનું ચોક્કસ કદ પણ મહત્વપૂર્ણ હોય છે જેની પહોળાઈ લગભગ ૨ ઈંચની હોય છે. ચકલીઓએ તેમના કુદરતી રહેઠાણો ગુમાવવાનું સૌથી મોટું કારણ અર્બનાઈઝેશન છે. તેથી આ સ્પર્ધા તેમને તેમના ઘરે પાછા લાવવાની દિશામાં એક પગલું છે. આજકાલ તમામ આર્કિટેકો મોર્ડન ડિઝાઈન તરફ વળ્યા છે, ઘરને વેસ્ટન લુક આપવામાં પર્યાવરણને નુકસાન પહોંચાડી રહ્યા છે. તેથી હું પણ એક આર્કિટેક છું, અને મને પણ એ વિચાર આવ્યો કે આ ખોટું છે, જેનાથી ચકલીઓ લુપ્ત થઈ રહી છે. વધુમાં ઉમેર્યું કે, સર્જનાત્મકતાનો ઉપયોગ કરીને સહભાગીઓએ હવામાન, પ્રકાશ, વેન્ટિલેશન અને અન્ય પક્ષીઓ અને પ્રાણીઓથી રક્ષણની દ્રષ્ટિએ ચકલીઓ માટે શ્રેષ્ઠ અનુરૂપ નવીન પક્ષીગૃહો ડિઝાઈન કર્યા. સૌથી સારી વાત એ છે કે તેઓએ વેસ્ટ મટીરીયલ્સનો ઉપયોગ કરી શ્રેષ્ઠ ઘર બનાવ્યું, જે ફક્ત પર્યાવરણ-મિત્રતાનો સંદેશ જ નહીં પણ ટકાઉપણાને પણ પ્રોત્સાહન આપે છે. બાળકોને પક્ષીઘર બનાવવાના કાર્યમાં સામેલ કરવાથી તેમને રિસાયક્લિંગ અને વન્યજીવનનું રક્ષણ કરવાના મહત્વ વિશે શિક્ષિત કરવામાં આવે છે. તેઓ વ્યવહારુ કુશળતા શીખે છે અને પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવે છે. વેસ્ટમાંથી પક્ષી ઘરો બનાવવા એ એક મૂલ્યવાન અને આનંદપ્રદ પહેલ છે જે ટકાઉ જીવનને ટેકો આપે છે. તે એવી વસ્તુઓના રિસાયક્લિંગને પ્રોત્સાહન આપે છે જે આગળ જતા ડમ્પિંગયાર્ડમાં ઠલવાત. જ્યારે આ પહેલથી સ્થાનિક પક્ષીઓ જેમ કે ઘરની ચકલીઓ માટે રહેઠાણને પ્રોત્સાહન મળશે. આજ સુધીમાં વડોદરામાં ૩૦,૦૦૦ થી વધુ સ્પેરો હાઉસનું વિતરણ કર્યું છે અને ૧૦૦ કોમ્પ્લિમેન્ટરી કીટમાં ૨૮ ઉત્પાદનો જેમ કે ખોરાક, ફીડર, અનાજ અને અન્ય સ્પેરો સંબંધિત વસ્તુઓ શહેરીજનોને આપી છે. આ સ્પર્ધામાં ૧૫ વર્ષથી નીચે, ૧૬-૨૫ વર્ષ, ૨૬-૪૦ વર્ષ અને ૪૦વર્ષથી વધુ ઉંમરના લોકો પક્ષી ઘર બનાવવાની સ્પર્ધામાં જોડાયા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઉનાળામાં શું ખાવુ અને શું ન ખાવું?

**ઉનાળામાં સીઝનમાં શરીરની લેગતી અનેક સમસ્યાઓ થતી હોય છે, લોકો બીમાર પડતા હોય છે. ઉનાળામાં આરાહ મહત્વનો ભાગ ભજવે છે**






ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. ઉનાળામાં બીમારી પડવાની શક્યતા વધુ રહે છે. ખાસ કરીને પાણીજન્ય રોગ વધારે થતા હોય છે. તેમજ ઠંડો અને વાસી ખોરાક ઉનાળામાં અનેક રોગને આમંત્રણ આપે છે. ઉનાળાની સીઝનમાં તંદુરસ્ત રહેવા માટે શું ખાવુ જોઈએ અને શું ન ખાવું જોઈએ તે મહત્વની બાબત બની જાય છે. યોગ્ય આહારા લેવામાં ન આવે તો ઉનાળામાં લોકો બીમાર પડી શકે છે. ઉનાળામાં શરીરને ઠંડક આપતા ખોરાક લેવો જોઈએ. દૂધીએ પોષક તત્વો ખજાનો છે. વિટામિન્સ અને મિનરલ્સથી ભરપૂર છે. દૂધીની ઠંડી તાસરી હોય છે. તેમજ ઉનાળામાં તુરિયાનાં શાક ખાવાના ઘણા ફાયદા છે. તુરિયામાં વિટામિન એ, વિટામીન સી, આર્યન, વિટામિન બી ૬ હોય છે. ફાઈબર અને પાણીથી ભરપૂર તુરિયાનું શાક પેટને ઠંડક આપે છે અને પેટ સંબંધિત સમસ્યાઓમાં રાહત આપે છે. આ ઉપરાંત ઉનાળામાં પાલકનું સેવન કરવું જોઈએ. પાલકા પચવામાં સરળ હોય છે. પાલક ખાવાથી તણાવ ઓછો થાય છે. થાક દૂર થાય છે. એનર્જી મળે છે. તેમ. ઉનાળામામે કાકડીનું સેવન કરવુ જોઈએ. કાકડીમાં ભરપૂર પ્રમાણમાં પાણી હોય છે. કાકડીનાં સેવનથી ડીહાઈડ્રેશન થઈ શકતું નથી. કાકડી ખાવાથી પેટની ગરમી શાંત થાય છે. ઉનાળામાં પાણીની ઉણપની સમસ્યા દૂર કરે છે. તેમજ શરબત, છાશ, શેરડનો રસનું પણ સેવન કરવુ જોઈએ. ઉનાળામાં લોકો ચટાકેદાર ગરમ મસાલાથી ભરપૂર ભોજન લેતા હોય છે જે પચવામાં ભારે પડે છે. ગેસ, એસિડિટી, ઝાડા ઉલટીને નોતરે છે. માટે ગરમ મસાલા, મરચા, આથેલો ખોરાક ખાવાનું ટાળવું જોઈએ. કાચું મીઠું પણ ખાવુ જોઈએ નહીં. જે બલ્ડ પ્રેસરને નોતરે છે. ઉનાળામાં અથાણાં, દહીં હીંગનો ઉપયોગ ઓછો કરવો જોઈએ.

# દર અઠવાડિયે ૧૫૦ મિનિટ મધ્યમ-તીવ્રતાની કસરત કરવાનો પ્રયાસ કરો

**તમારી પાસે બહાર વિતાવવા માટે વધુ કલાકો દિવસનો પ્રકાશ હોય, તમે વધુ ઉર્જાવાન-તાજગી અનુભવો છો, તો કેટલીક સ્વસ્થ આદતો અજમાવવા માટે આનાથી સારો સમય કયો હોઈ શકે?**

તમારી ત્વચાને સ્ટાઈલિશ રીતે સુરક્ષિત કરો. તમે જાણો છો કે જ્યારે તમે બહાર હોવ ત્યારે તમારે ટોપી પહેરવી જોઈએ. પરંતુ કેટલાક પ્રકારો સૂર્યના કિરણોથી અન્ય કરતા વધુ રક્ષણ આપે છે. ઉદાહરણ તરીકેઃ બેઝબોલ કેપ્સ છોડી દો. તેઓ ત્વચાને થોડી માત્રામાં જ શેડ કરે છે. તેના બદલે, કાંટાવાળી સન હેટ પર સ્વિચ કરો. કેનવાસ જેવા ચુસ્ત વણાયેલા ફેબ્રિકમાંથી બનેલી એક પસંદ કરો. (સૂર્યના કિરણો સ્ટ્રો ટોપીમાંથી પસાર થઈ શકે છે.) તમારી ટોપી જેટલી ઘાટી હશે, તેટલી વધુ સુરક્ષા તમને મળશે. એક વ્યાવસાયિકની જેમ સનસ્ક્રીન લગાવો. શરીર પરના કેટલાક સ્થળો સરળતાથી અવગણી શકાય છે, જેમ કે પગની ટોચ. "બ્રોડ સ્પેક્ટ્રમ" ચિહ્નિત થયેલ અને SPF ૩૦ ૩ કે તેથી વધુ સાથે સનસ્ક્રીનનો ઉપયોગ કરો. બહાર નીકળતા પહેલા, ખાતરી કરો કે તમે તમારા આખા શરીરને ઢાંકી દીધું છે. આ સરળતાથી ચૂકી શકાય તેવા સ્થળોનો સમાવેશ કરોઃ હોઠ, કાન, ખોપરી ઉપરની ચામડી/વાળની રેખા (જો તમે તમારા ખોપરી ઉપરની ચામડી પર સનસ્ક્રીન વાપરવા માંગતા નથી, તો તેના બદલે ટોપી પહેરો)પોપચા, હાથ, તમારી આંખના આંતરિક ખૂણા અને તમારા નાકના પુલ વચ્ચેનો વિસ્તાર, ૩. ગરમીમાં ઠંડા રહો. ઝડપથી ઠંડુ થવા માટે કોઈ સરળ રીતની જરૂર છે? તમારા પોતાના "સ્પા ટુવાલ" બનાવો. તમારા ચહેરા પર ઠંડુ, સુગંધિત ટુવાલ મૂકો. આ કરવા માટે, સ્વચ્છ, ઠંડા પાણીમાં વોશક્લોથ પલાળી રાખો. આવશ્યક તેલના



થોડા ટીપાં ઉમેરો. આવશ્યક તેલ એ છોડનો અર્ક છે. પછી તેને વીંટાળીને રોલ અપ કરો. તેને તમારા રેફ્રિજરેટરમાં પ્લાસ્ટિકના કન્ટેનરમાં સ્ટોર કરો. તમારા પગને શાંત કરો. સેન્ડલ પહેર્યા પછી તમને લાગશે કે તમારા પગને હવે લાડ લડાવવાની જરૂર છે. ખાંડ આધારિત સ્ક્રબથી શુષ્ક ત્વચા દૂર કરો. પછી એક ભારે ક્રીમ લગાવો જે તમારી એડી અને તળિયા પરની જાડી ત્વચાને નરમ બનાવી શકે. યુરિયા, આલ્ફા હાઈડ્રોક્સી એસિડ અને સેલિસિલિક એસિડ જેવા શબ્દો માટે લેબલ તપાસો. ગ્રીલિંગ સાથે સર્જનાત્મક બનો. હોટ ડોગ્સ અને હેમબર્ગર્સ ગ્રીલ પર સરળતાથી ટૉસ કરી શકાય છે, પણ શાકભાજી પણ. "રંગણ, ઝુચીની અને મરી જેવા શાકભાજી અજમાવો. જ્યારે તેમને ગ્રીલ કરવામાં આવે છે ત્યારે તેનો સ્વાદ અદ્ભુત લાગે છે," એમડી જેનિફર ડોનાહ્યુ કહે છે. તે કનેક્ટિકટના ગ્રોટનમાં ઓપ્ટમ ફેમિલી મેડિસિન ડૉક્ટર છે."તમને કદાચ તે ખાવાની શક્યતા વધુ હશે," ડૉ. ડોનાહ્યુ કહે છે. પીચ અને અનાનસને શેકવામાં આવે ત્યારે પણ સ્વાદિષ્ટ લાગે છે, તે ઉમેરે છે. તમારા પાણીનો સ્વાદ માણો. ગરમ અને ભેજવાળા દિવસોમાં સૌથી આરોગ્યપ્રદ પીણું પાણી હોય છે. પરંતુ ક્યારેક, સાદું પાણી થોડું કંટાળાજનક બની શકે છે. સ્વાદ વધારવા માટે તમારા પાણીમાં બેરી અથવા તરબૂચ ઉમેરવાનો પ્રયાસ કરો. કાકડી અને ફુદીનો પણ સ્વાદિષ્ટ પસંદગીઓ છે. નવી પ્રવૃત્તિ અજમાવી જુઓ. તમારે ટાઉન સોફ્ટબોલ લીગ કે બીજી કોઈ ઔપચારિક રમતમાં જોડાવાની જરૂર નથી. પણ નવી રમત રમવાથી કસરત વધુ મનોરંજક બની શકે છે. જો તમારા બાળકો હોય, તો પિકલેબોલ વિશે વિચારો. તે ટેનિસ, બેડમિન્ટન અને પિંગ-પોંગનું મિશ્રણ છે જે બધી ઉંમરના લોકો માટે ઉત્તમ છે. અન્ય સારા વિકલ્પોમાં ફ્રીસ્બી ગોલ્ફ, વોટર એરોબિક્સ અને આઉટડોર યોગા ક્લાસનો સમાવેશ થાય છે. દર અઠવાડિયે ૧૫૦ મિનિટ મધ્યમ-તીવ્રતાની કસરત કરવાનો પ્રયાસ કરો. એનો અર્થ એ કે તમે હલનચલન કરતી વખતે વાત કરી શકો છો પણ ગાઈ શકતા નથી. ૬ જો તે ખૂબ વધારે લાગે છે, તો દિવસમાં થોડી મિનિટોથી શરૂઆત કરો. વિચારોઃ પકડવાની રમત અથવા તમારા પરિવાર સાથે ચાલવા. સમય જતાં સ્વસ્થ ટેવો બને છે. તેને ચાલુ રાખો અને તમે તમારા લક્ષ્ય સુધી પહોંચી જશો. તમારા સનગ્લાસને અપગ્રેડ કરો. તમારી આંખોને સૂર્યથી બચાવવાનું ભૂલી જવું સહેલું હોઈ શકે છે. અહીં એક મજાની વાત નથી. ફક્ત બહાર રહેવાથી તમારી આંખો બળી શકે છે, જેના કારણે પાછળથી દ્રષ્ટિની સમસ્યાઓ થઈ શકે છે.

# ઉનાળામાં શરીર શા માટે તમારું એકમાત્ર ફિટનેસ લક્ષ્ય ન હોવું જોઈએ

ઉનાળાના દિવસો લાંબા અને કંટાળાજનક હોય છે. થાક ટાળવા માટે તમારે પૂરતા આરામની જરૂર છે. તજજ્ઞોના મતે રાત્રે લગભગ ૭ થી ૯ કલાકની ઊંઘ લેવી જોઈએ. તમારે રાત્રિભોજનમાં હળવો ખોરાક પણ લેવો જોઈએ જેથી પાચનમાં મદદ મળે અને ઊંઘમાં કોઈ સમસ્યા ન થાય. અને લોકો જે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કરે છે તે છે તેમના વેકેશન લુક, ફક્ત શું પહેરવું તેના સંદર્ભમાં જ નહીં પરંતુ તેઓ કેવા દેખાવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. ઘણા લોકો પર્સનલ ટ્રેનર્સ તરફ વળે છે, જીમ મેમ્બરશિપ ખરીદે છે અને દોડવાનું શરૂ કરે છે જેથી તેઓ તેમની રજાઓ માટે સમયસર સારી સ્થિતિમાં આવી શકે. કોલકાતામાં ગ્રીડિરોન ફિટનેસ સ્ટુડિયોના સહ-સ્થાપક અને મુખ્ય કોચ અબરાર ખાન વાર્યાહ કહે છે કે, જીમમાં આવનાર કોઈપણ નવા આવનારા કોચ અને ટ્રેનર્સ જે સૌથી સામાન્ય માંગણીઓ સાંભળે છે તે છે પેટની આસપાસનો ભાગ ઓછો કરવો,નિયમિતપણે હળવું અને ઓછુ ભોજન લો. વધુ કાર્બોહાઈડ્રેટ્સ અને ચરબી સાથે ભારે ભોજન શરીરમાં ગરમી ઉત્પન્ન કરે છે. તમારા આહારમાં પાણીથી ભરપૂર તાજા ફળો અને શાકભાજીનો સમાવેશ કરો. જેમાં નારંગી, તરબૂચ અને ટામેટાં જેવા ખોરાકનો સમાવેશ થાય છે. સખત ગરમી અને પરસેવાના કારણે તમે ડિહાઈડ્રેટેડ અનુભવો છો.

# તમારા દિવસની શરૂઆત પાણીથી કરો

**જેમ જેમ તાપમાન વધે છે, તેમ તેમ ઉર્જા અને સુખાકારી માટે હાઇડ્રેટેડ રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે**

સવારે ઉઠીને સૌથી પહેલા પાણી પીવાથી તમારા ચયાપચયમાં સુધારો થાય છે, ઘણા ફળો અને શાકભાજીમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે અને તે તમને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરે છે. જેમ જેમ તાપમાન વધે છે, તેમ તેમ હાઈડ્રેટેડ રહેવું પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ બની જાય છે. ડિહાઈડ્રેશન થાક, ચક્કર, માથાનો દુખાવો અને તેનાથી પણ વધુ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે. ભલે તમે બહાર સમય વિતાવી રહ્યા હોવ અથવા ફક્ત તમારા ઉર્જા સ્તરને જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા હોવ, આ સરળ હાઈડ્રેશન હેક્સ તમને આખા ઉનાળા દરમિયાન તાજગી અને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. તમારા દિવસની શરૂઆત પાણીથી કરો, હાઈડ્રેટેડ રહેવાનો સૌથી સરળ રસ્તો એ છે કે તમારા દિવસની શરૂઆત એક ગ્લાસ પાણીથી કરો. રાતની લાંબી ઊંઘ પછી, તમારા શરીરમાં કુદરતી રીતે ડિહાઈડ્રેટેડતા આવે છે. સવારે સૌથી પહેલા પાણી પીવાથી તમારા ચયાપચયમાં સુધારો થાય છે અને તમારા શરીરને આવનારા દિવસ માટે તૈયાર કરવામાં મદદ મળે છે. ફરીથી વાપરી શકાય તેવી પાણીની બોટલ સાથે રાખો, હંમેશા તમારી સાથે પાણીની બોટલ રાખવી એ તમને નિયમિતપણે પીવાની યાદ અપાવે છે. એવી બોટલ પસંદ કરો જેનો ઉપયોગ તમને ગમે, પછી ભલે તે તમારા પાણીને ઠંડુ રાખવા માટે ઈન્સ્યુલેટેડ હોય કે પછી બિલ્ટ-ઈન ફિલ્ટરવાળી. આ નાની આદત તમારા દૈનિક હાઈડ્રેશન લક્ષ્યોને પૂર્ણ કરવાનું સરળ બનાવે છે. તમારા પાણીમાં કુદરતી સ્વાદ ઉમેરો, જો સાદું પાણી ખૂબ કંટાળાજનક લાગે, તો તેમાં કુદરતી સ્વાદ ઉમેરવાનો પ્રયાસ કરો. લીંબુ, કાકડી, ફુદીના અથવા બેરીના ટુકડા ઉમેરવાથી તમારા પાણીને વધુ તાજગી અને આનંદપ્રદ બનાવી શકાય છે, જે તમને દિવસભર વધુ પીવા માટે પ્રોત્સાહિત કરે છે. પાણીથી ભરપૂર ખોરાક ખાઓ, પાણી પીવું એ હાઈડ્રેટેડ રહેવાનો એકમાત્ર રસ્તો નથી. ઘણા ફળો અને શાકભાજીમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે અને તે તમને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરે છે. તરબૂચ, કાકડી, નારંગી, લેટીસ અને સ્ટ્રોબેરી તમારા ભોજન અને નાસ્તામાં ઉમેરવા માટે શ્રેષ્ઠ પસંદગીઓ છે. હાઈડ્રેશન રીમાઈન્ડર્સ સેટ કરો, વ્યસ્ત સમયપત્રકને કારણે, પાણી પીવાનું ભૂલી જવું સહેલું છે. તમારા ફોન પર રિમાઈન્ડર્સ સેટ કરવાથી અથવા હાઈડ્રેશન-ટ્રેકિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરવાથી ખાતરી કરવામાં મદદ મળી શકે છે કે તમે દિવસભર પૂરતું પાણી પી રહ્યા છો, ખાસ કરીને ગરમીના હવામાનમાં.

# ઉનાળા દરમિયાન સામાન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ

**ઉનાળાની ઋતુ ઘણીવાર ઘણી બધી સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે હોય છે જેને અટકાવી શકાય છે અને યોગ્ય પગલાં લઈને તેની સારવાર પણ કરી શકાય**

આ ઋતુમાં કેટલીક સામાન્ય સ્વાસ્થ્ય ચિંતાઓ છે જે તમારે યાદ રાખવી જોઈએ અને સાવચેતી રાખવી જોઈએઃ હીટ સ્ટ્રોક એ એક ગંભીર પ્રકારનો હાઈપરથર્મિયા છે જે ત્યારે થાય છે જ્યારે માનવ શરીર તેની ક્ષમતા કરતાં વધુ ગરમી શોષી લે છે. ગરમીના સ્ટ્રોકને નિયંત્રિત કરવા માટે, શરીરનું તાપમાન શક્ય તેટલું જલ્દી ઓછું કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. એર કન્ડીશનર ચાલુ કરો અથવા ઠંડા પાણીથી સ્નાન કરો. હાઈડ્રેટેડ રહો, શારીરિક શ્રમ ટાળો અને ઝાંખા/આછા છાંયડાવાળા કપડાં પહેરો. ઉનાળાની ઋતુમાં ત્વચા પર એલર્જી અને ફોલ્લીઓ ખૂબ જ સામાન્ય છે. કાંટાદાર ગરમી એ એક બેક્ટેરિયલ ચેપ છે જે ત્વચાના ચોક્કસ ભાગ પર વધુ પડતા પરસેવાના સંચયને કારણે થાય છે. તે મુખ્યત્વે ગરદન અને પીઠના ભાગને અસર કરે છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં દવાયુક્ત ટેલ્કમ પાવડર લગાવો. ઢીલા કપડાં પહેરો અને દિવસમાં બે વાર ઠંડા સ્નાન કરો. ચેપગ્રસ્ત વિસ્તારને સૂકો અને સ્વચ્છ રાખો. સૂર્યના સીધા સંપર્કમાં આવવાથી સનબર્ન અને ટેનિંગ થાય છે. અલ્ટ્રા-વાયોલેટ કિરણો ત્વચાને બાળી નાખે છે, જેના પરિણામે કાળા ધબ્બા પડી જાય છે જે સનબર્નનું કારણ બને છે. ખાસ કરીને ઉનાળા દરમિયાન, સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી, સૂર્ય કિરણોના સીધા સંપર્કમાં આવવાનું ટાળવું વધુ સારું છે. ૬ છાલવાળા કાકડીના રસ, ૨ કપ પાવડર દૂધ અને ૨ ચમચી સૂકા લવંડર પાવડરની પેસ્ટ બનાવો. આ પેસ્ટને ટેન થયેલી ત્વચા પર લગાવો. જ્યારે તમે તડકામાં બહાર નીકળો છો ત્યારે જીૅહ૩૦ વાળું સારી ગુણવત્તાનું સનસ્ક્રીન લગાવવું જરૂરી છે. સીધો સૂર્યપ્રકાશ ટાળવો એ શ્રેષ્ઠ છે.ગરમીમાં ખેંચાણ અને થાક સ્નાયુઓમાં દુખાવો/ખેંચાણના સ્વરૂપ માં થાય છે અને ઉનાળા દરમિયાન સખત શારીરિક પ્રવૃત્તિનું પરિણામ હોઈ શકે છે. ગરમીમાં થાકના લક્ષણોમાં વધુ પડતો પરસેવો અને ત્યારબાદ નબળાઈ, ઉબકા, ચક્કર, સ્નાયુઓમાં ખેંચાણ, માથાનો દુખાવો અને બેભાન થવું શામેલ છે. તમારા સ્નાયુઓને આરામ આપો અને ઠંડી જગ્યાએ આરામ કરો. ઈલેક્ટ્રોલાઈટથી ભરપૂર પીણાં લો. ખેંચાણ ઓછા થયા પછી પણ, ગરમીનો થાક ટાળવા માટે ફરીથી સખત પ્રવૃત્તિ શરૂ કરતા પહેલા થોડો સમય રાહ જુઓ. પગમાં ચેપ : પરસેવો અને ભેજ ઘણીવાર પગ પર બેક્ટેરિયાના સંચય માટે માર્ગ મોકળો કરે છે, જે ઉનાળા દરમિયાન ચેપ તરફ દોરી જાય છે. અસરગ્રસ્ત વિસ્તારમાં સારી ગુણવત્તાનો એન્ટી-બેક્ટેરિયલ પાવડર લગાવો. સ્નાન કરતી વખતે તમારા પગને યોગ્ય રીતે સ્ક્રબ કરો. આનાથી તમને બેક્ટેરિયાથી છુટકારો મળશે. ડિહાઈડ્રેશન એ એક શારીરિક સ્થિતિ છે જેમાં શરીર લગભગ પરસેવો બંધ કરી દે છે. ડિહાઈડ્રેશનના લક્ષણોમાં સ્નાયુઓમાં ખેંચાણ, ઉબકા, ધબકારા અને ચક્કર આવવાનો પણ સમાવેશ થાય છે. તડકામાં બહાર નીકળતા પહેલા હંમેશા પાણી હાથમાં રાખો. જો તાવ સાથે ડિહાઈડ્રેશન પણ હોય, તો તમારા ડૉક્ટરની મુલાકાત લો. અસ્થમાના હુમલાઃ ઉનાળો અસ્થમાથી પીડાતા બાળકો અને પુખ્ત વયના લોકો માટે ખતરનાક સમય હોઈ શકે છે. વધુ ધુમ્મસ અને વાયુ પ્રદૂષણ, ઉચ્ચ પરાગ સ્તર અને ઉચ્ચ ભેજને કારણે ફૂગના વિકાસમાં વધારો, આ બધાને કારણે અસ્થમાના હુમલામાં વધારો થાય છે. તરવૈયાના કાન : ઉનાળાના મહિનાઓમાં કાનની બહારના ભાગમાં તેમજ મધ્ય કાનના ચેપમાં તરવાને કારણે ચેપ ખૂબ જ સામાન્ય છે. ઉનાળાના મહિનાઓમાં કાનની સંભાળ ખાસ કરીને મહત્વપૂર્ણ છે જ્યારે ગરમી અને ભેજ બેક્ટેરિયા અને ફૂગના વિકાસને પ્રોત્સાહન આપી શકે છે જે તરવૈયાના કાનનું કારણ બની શકે છે. ઉનાળાની ઋતુમાં ફૂડ પોઈઝનિંગ પણ ખૂબ જ સામાન્ય છે કારણ કે ઉનાળાની ઋતુમાં બગડી જતી વસ્તુઓ ગરમીને કારણે બગડી જાય છે અને બેક્ટેરિયાના વિકાસ તરફ દોરી શકે છે જેના કારણે જઠરાંત્રિય ચેપ લાગી શકે છે. ખાદ્ય પદાર્થોને સારી રીતે રેફ્રિજરેટરમાં રાખો અને તેને ખુલ્લામાં રાખવાનું ટાળો. ખાતા પહેલા બધા ફળો અને શાકભાજી ધોઈ લો, ઉનાળાની ઋતુમાં જંતુ કરડવાથી અને જંતુઓથી ચેપ લાગવો ખૂબ જ સામાન્ય છે. નિવારણ માટે બહાર હોય ત્યારે જંતુ ભગાડનારા દવાઓનો ઉપયોગ કરવો વધુ સારું છે. ઉનાળા દરમિયાન કોઈપણ સ્વાસ્થ્ય ચિંતાના કિસ્સામાં, વધુ સારવાર અને વ્યવસ્થાપન માટે કૃપા કરીને વોકાર્ડ હોસ્પિટલોની મુલાકાત લો.

# ઉનાળામાં 'કૂલ' રહેવું હોય તો અપનાવો 'સમર સ્પેશિયલ ડાયટ'



ઉનાળામાં અડદની દાળ અથવા રાજમા વધારે ન ખાવા જોઈએ કારણકે તેનાથી શરીરમાં ગરમી વધે છે. પણ સ્પ્રાઉટમાં દાળ મિક્સ કરી શકો છો કારણકે સ્પ્રાઉટની તાસીર ઠંડી હોય છે. ધ્યાન રાખો, ઉનાળામાં ખોરાક ભારે ન હોય, ફેટ ઓછી હોવી જોઈએ. ઉનાળામાં ભારે આહાર પચવામાં તકલીફ પડે છે. દુધી, કોબીજ, ટિંડોળા, સીતાફળ વધારે ખાઓ. લંચ અને ડિનરમાં હલકો ખોરાક લેવાનું રાખો. ગરમીમાં ઘી અને તેલનો ઉપયોગ ઓછો કરો. દેશી ઘી, વનસ્પતિ ઘી સિવાય સરસિયાનું તેલ અને ઓલિલ ઓઈલ પણ ઓછું ખાઓ. રાઈસ બ્રેન, નાળિયેર, સોયાબીન, કનોલા વગેરે તેલ ખાઈ શકો છો. ઉનાળાની કલ્પના આઈસક્રીમ વિના અધુરી છે. પણ હાઈ કેલરી, હાઈ શુગર અને પ્રિઝરવેટિવ હોવાને કારણે આઈસક્રીમ ઓછી માત્રામાં ખાઓ. અઠવાડિયામાં બે થી વધારે વાર બિલકુલ ન ખાઓ. થોડી આઈસક્રીમને ફ્રુટમાં નાખીને ખાઈ શકો છો. ઉનાળામાં વધારે પરસેવાને કારણે સૌથી વધારે નુકસાન શરીરના પાણીને થાય છે. એવામાં ડી-હાઈડ્રેશનથી બચવા માટે રોજના ૧૦-૧૫ ગ્લાસ પાણી પીવું જોઈએ. માટલાનું પાણી પીવું ફાયદાકારી છે. વધારે પડતું ઠંડુ પાણી ન પીવું જોઈએ. વધારે પડતા ઠંડા પાણીથી પાચનશક્તિ ખરાબ થાય છે. પાણીમાં બરફ પણ ન નાખવો જોઈએ. બની શકે તેટલું લીંબુ પાણી વધારે પીઓ. આ સિવાય છાશ, નાળિયેર પાણી, ઠંડાઈ, વેજિટેબલ જ્યુસ, ફ્રુટ જ્યુસ વગેરે પી શકો છો. પણ ધ્યાન રાખો કે ફ્રેશ જ્યુસ પીવામાં આવે. પ્રિઝર્વ કરીને રાખેલું જ્યુસ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. બની શકે ત્યાં સુધી પેક્ડ જ્યુસ ન પીવો. ગરમીમાં દહીં જરુર ખાઓ. તેનાથી શરીરને ઠંડક મળે છે. આ સિવાય ફોદીનાની ચટની પાચન માટે ફાયદાકારક છે. ઉનાળામાં બની શકે તો આવી ચટની વધારે ખાઓ. ઉનાળામાં ભૂખ કરતાં થોડું ઓછું ખાવુ જોઈએ. પણ ખાલી પેટ બિલકુલ ન રહેવું.

# ઉનાળામાં રસવાળા ફળો આરોગવાથી બિમારી રહે દૂર

**ઉનાળો શરૂ થતાની સાથે સૂર્યનારાયણ તપાવાની શરૂઆત કરે, ઘરની બહાર નીકળતા લુ લાગે છે અને શરીરને દઝાડે**

આવા સમયમાં શરીરની કાળજી લેવી ખૂબ જરૂરી બની જાય છે. પરંતુ ગરમી અને તાપને કારણે શરીરને અનેક તકલીફો ઊભી થાય છે. જેવી કે ડિહાઈડ્રેશન થવું, લુ લાગવી તેના કારણે શરીરમાં રહેલા પાણીના તત્વ ઘટવા લાગે છે. વિટામિન સી અને વિટામિન ડીની ઉણપને પગે ચક્કર આવવા તેમજ ચામડીમાં વિવિધ પ્રકારની તકલીફો ઉભી થાય છે, ઉનાળાની તાવ (ગરમી) અને શરદી, બાકી ફળો માટેનું આ સમયગાળો છે. ઉનાળામાં આરોગ્ય માટે ફળોનું મહત્વ પ્રદાન કરતી ઘણી મહત્વપૂર્ણ બાબતો છે, ખાસ કરીને રસવાળા ફળોનું ખાવું. આ લેખમાં, આપણે એવા ફળો વિશે જાણીશું, જે ઉનાળામાં ખાવાથી આપણા શરીર પર ફાયદા થાય છે અને બિમારીઓથી બચાવ થઈ શકે છે. ફળોમાં રહેલા પોષક તત્વો, રસવાળા ફળોમાં વિવિધ પોષક તત્વો અને વિટામિન્સની ભરપૂર માત્રા હોય છે. જેમ કે વિટામિન C, વિટામિન A, પોટેશિયમ, ફાઈબર, અને એન્ટિઓકિસિડન્ટ્સ. આ તત્વો શરીર માટે જરૂરી હોય છે, કેમકે તે તમારી ઈમ્યુન સિસ્ટમને મજબૂત બનાવે છે અને શરીરનું સ્વાસ્થ્ય સુધારે છે. હાઈડ્રેશન માટે ફાયદો, ઉનાળા દરમિયાન શરીર ઘણું પાણી ગુમાવતો હોય છે. આથી, પ્યાશનું સંતુલન જાળવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. રસવાળા ફળો જેમ કે તરબૂચ, ખીરો, અનાનાસ, અને આંગૂરો, જેની અંદર ખૂબ જ પાણી હોય છે, શરીરને હાઈડ્રેટ કરે છે અને ગરમીમાં સંતુલિત રાખે છે. તાવ અને ઠંડીથી બચાવ, રસવાળા ફળો તાવ અને ઠંડી બંનેના પ્રતિકારક હોય છે. ફળોમાં રહેલા પોટેશિયમ અને મગ્નેશિયમ પેશાબી તંત્રને મજબૂત કરે છે, તેમજ હૃદયના આરોગ્યને લાભદાયક બનાવે છે. આ તત્વો શરીરના આંતરિક તાપમાનને સંતુલિત કરે છે અને ઉનાળાની ગરમીથી બચાવ કરે છે. હજમ સુધારવા માટે ફાયદા, રસવાળા ફળોમાં પોષક ફાઈબર હોય છે, જે હજમ પ્રણાળી માટે ખૂબ જ લાભકારી છે. ફળોના રસ પીવાથી પેટમાં મેલતીઓ (એસિડિટી) અને પચાવટની સમસ્યાઓ દૂર થાય છે. અનાર, આંબો અને નાસ્પતી જેવા ફળો પેટ માટે આરોગ્યવર્ધક છે. શરીરમાંથી ઝીણવણી દૂર કરવી, ફળોમાં રહેલા એન્ટિઓકિસિડન્ટ્સ અને વિટામિન C શરીરમાં રહેલા ઝીણવણી (ટોક્સિન) દૂર કરવામાં મદદ કરે છે. એન્ટિઓકિસિડન્ટ્સ શરીરમાંથી નકસાનકારક તત્વોને દૂર કરે છે, જે શરીર પર લાંબા ગાળે નુકસાન કરતી છે. ફળો અને બિમારીથી બચાવ, ઉનાળામાં રસવાળા ફળો ખાવાથી ખાસ કરીને કોવિડ-૧૯, ઝેર જટલી, તેમજ ઠંડી, ખાંસી, અને સ્નાયુ દુખાવાની જેમ સામાન્ય ઉણપો જતાં મૉનસૂન જેવી બીમારીઓથી બચાવ થાય છે. ફળોના રસમાં રહેલા વિટામિન C, એન્ટિબાયોટિક ગુણ, અને ન્યૂટ્રિશનલ પાવર શરીર પર રાહત અને તેજસ્વી અસર કરે છે.

## તંત્રી લેખ...

# ધૂળેટીના દિવસે બંગાળમાં હિંસા

પશ્ચિમ બંગાળમાં ધૂળેટીના દિવસે અશાંતિ જોવા મળી છે. નંદીગ્રામથી ભાજપના વિધાયક શુભેન્દુ અધિકારીનો આરોપ છે કે શુક્રવારે ૧૪ માર્ચ ૨૦૨૫ના રોજ તેમના મતવિસ્તારમાં મૂર્તિ ખંડિત કરવાની એક ઘટના સામે આવી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અમિત માલવિયે પણ આ ઘટનાની ટીકા કરતા સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. અમિત માલવિયે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વમાં પશ્ચિમ બંગાળમાં હિન્દુઓ પર સતત હુમલા થઈ રહ્યા છે. નંદીગ્રામ બ્લોક ૨ના અમદાબાદ વિસ્તારના કમાલપુરમાં સ્થાનિક રહીશો ગત મંગળવારથી જ પૂજા અર્ચના કરતા હતા. પરંતુ જ્યારે પૂજા અને રામનારાયણ કિર્તન નિર્વિઘ્ને ચાલુ રહ્યા તો કેટલાક લોકોએ શ્રી રામના નામ સહન ન થતા સ્થળ પર તોડફોડ કરી અને મૂર્તિઓને અપવિત્ર કરી દીધી. તેમણે કહ્યું કે બરુઈપુર, જાદવપુર અને મુર્શિદાબાદ સહિત સમગ્ર પ્રદેશમાં આ પ્રકારની ઘટનાઓ સામે આવી છે. આ ઉપરાંત મમતા બેનર્જીની પોલીસે બંગાળના કેટલાક ભાગોમાં હોળી સમારોહ પર પ્રતિબંધ લગાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ પછી પાછળ હટી ગયા. પ્રવક્તાએ વધુમાં કહ્યું કે, સનાતનીઓમાં વ્યાપક આક્રોશ છે, પરંતુ આ કપરા સમયમાં ભાજપ બંગાળમાં તેમની સાથે મજબૂતીથી પડખે છે. અમે મમતા બેનર્જીને પશ્ચિમ બંગાળમાં બીજુ બાંગ્લાદેશ બનાવવાની મંજૂરી ક્યારેય નહીં આપીએ. પશ્ચિમ બંગાળમાં વધતી હિંસાને જોતા બીરભૂમ જિલ્લાના સેન્થિયા શહેરમાં ઓછામાં ઓછા ૫ ગ્રામ પંચાયતવાળા વિસ્તારોમાં ૧૭ માર્ચ ૨૦૨૫ સુધી ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યાં મુજબ આ પગલું અફવાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા માટે લેવામાં આવ્યું છે. અત્રે જણાવવાનું કે બીરભૂમમાં એક પથ્થરબાજીની ઘટનાના રિપોર્ટ બાદ પ્રભાવિત વિસ્તારોમાં પોલીસફોર્સ તૈનાત કરાઈ છે. આ પગલું શાંતિ અને સુરક્ષા જાળવી રાખવા માટે ભરાયું છે. અત્રે જણાવવાનું કે આ અગાઉ પણ ૯ માર્ચ ૨૦૨૫ના રોજ ભાજપના નેતા દીલિપ ઘોષે એક ઘટનાની જાણકારી આપી હતી જેમાં પશ્ચિમ બંગાળમાં બશીરહાટ શહેરના શંખચૂરા બજારમાં એક કાલી મંદિરમાં તોડફોડ મચાવવાનો અને હિન્દુ દેવી દેવતાઓની મૂર્તિઓ તોડવાનો આરોપ લગાવ્યો હતો. ઘોષનો દાવો હતો કે મંદિર પર હુમલો તૃણમૂલ કોંગ્રેસના નેતા શાહનૂર મંડલના નેતૃત્વમાં થયો હતો.

## જીનીવામાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની ૩૫૩મી ગવર્નિંગ બોડી મીટિંગમાં ભારત ભાગ લે છે

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) ની ૩૫૩ મી ગવર્નિંગ બોડીની બેઠક ૧૦ માર્ચ થી ૨૦ માર્ચ, ૨૦૨૫ દરમિયાન સ્વિટ્ઝર્લૅન્ડના જીનીવામાં યોજાઈ રહી છે. આ બેઠક ILO ના ત્રિપક્ષીય ઘટકો એટલે કે સરકારો, કામદારો અને નોકરીદાતાઓના પ્રતિનિધિઓને કાર્યક્ષેત્ર અને ILO ના શાસનને લગતા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એકસાથે લાવે છે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ સુશ્રી સુમિતા દાવરાના નેતૃત્વમાં ભારતીય પ્રતિનિધિમંડળે મુખ્ય મુદ્દાઓ પર અનેક હસ્તક્ષેપો કર્યા, જેમાં વૈશ્વિક સ્તરે શ્રમ કલ્યાણ, સામાજિક ન્યાય અને ગુણવત્તાયુક્ત રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવાના સહિયારા કાર્યસૂચિને આગળ વધારવા માટે ભારતની સિદ્ધિઓ, શીખ અને દ્રષ્ટિકોણ દર્શાવવામાં આવ્યા. સામાજિક વિકાસ માટે બીજી વિશ્વ સમિટ, ભારતે આ વર્ષના અંતમાં કતારના દોહામાં યુએનના નેતૃત્વ હેઠળના બીજા વિશ્વ સામાજિક વિકાસ શિખર સંમેલનના આયોજન માટે ILO ને પોતાનો ટેકો આપ્યો, કારણ કે તેનો ઉદ્દેશ્ય ૨૦૩૦ ના સામાજિક વિકાસ કાર્યસૂચિના સામાજિક પરિમાણને મજબૂત બનાવવાનો છે. સામાજિક ન્યાય અને વિકાસને પ્રોત્સાહન આપવામાં ભારતની પ્રેરણાદાયી પ્રગતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, કારણ કે ભારતે તેના સામાજિક સુરક્ષા કવરેજને બમણું કરીને ૪૮.૮ ટકા કર્યું છે , જેનાથી સરેરાશ વૈશ્વિક સામાજિક સુરક્ષા કવરેજ ૫ ટકાથી વધુ વધી ગયું છે. આ સંદર્ભમાં, ભારતની મુખ્ય સંસ્થાઓ અને યોજનાઓ જેમ કે EPFO (૭.૩૭ કરોડ ફાળો આપનારા સભ્યો), ESIC (૧૪.૪ કરોડ લાભાર્થીઓ), ઈ-શ્રમ પોર્ટલ (૩૦.૬ કરોડ નોંધાયેલા અસંગઠિત સભ્યો), પીએમ જન આરોગ્ય યોજના (૬૦ કરોડ લાભાર્થીઓ) અને લક્ષિત PDS (૮૧.૩૫ કરોડ લાભાર્થીઓને ખાદ્ય સુરક્ષા) ના યોગદાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ILO ફેર માઈગ્રેશન એજન્ડા અને કાર્યવાહી, ભારત, સ્થળાંતરિત કામદારોના મૂળના સૌથી મોટા દેશોમાંના એક અને સૌથી વધુ રેમિટન્સ મેળવનાર તરીકે, સુવ્યવસ્થિત, કૌશલ્ય-આધારિત સ્થળાંતર માર્ગોને પ્રોત્સાહન આપવા માટે વધુ વૈશ્વિક સહયોગ માટે તેના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. દ્વિપક્ષીય શ્રમ સ્થળાંતર અને સામાજિક સુરક્ષા કરારો દ્વારા સ્થળાંતરિત કામદારો માટે સામાજિક સુરક્ષા અને અધિકારો સુરક્ષિત કરવા માટે વૈશ્વિક ગતિ ઉત્પન્ન કરવા માટેના પ્રયાસોને વધારવા માટે ILO ને વિનંતી કરવામાં આવી હતી. વૈશ્વિક ગઠબંધનના અગ્રણી ભાગીદાર તરીકે ભારત દ્વારા ILO સ્થિત ગ્લોબલ કોએલિશન ફોર સોશિયલ જસ્ટિસ હેઠળ સ્થળાંતર પર પ્રથમ ત્રિપક્ષીય વૈશ્વિક મંચ બોલાવવાના ILO ના પ્રસ્તાવને સમર્થન આપવામાં આવ્યું હતું. રસાયણો પર વૈશ્વિક માળખું, ભારતે રસાયણો અને કચરાથી મુક્ત ગ્રહ સુનિશ્ચિત કરવા, કામદારો, સમુદાયો અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે અગ્રણી ભૂમિકા ભજવવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. બોન ઘોષણાપત્રના અનુસંધાનમાં ILO દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાંને સ્વીકારવામાં આવ્યા. કામદારો અને સમુદાયોના સ્વાસ્થ્ય અને સલામતી માટે ભારત દ્વારા લેવામાં આવેલી મુખ્ય પહેલો, જેમાં ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સંહિતા, ૨૦૨૦નો સમાવેશ થાય છે, પર ભાર મૂકવામાં આવ્યો હતો. મુખ્ય અકસ્માત જોખમી (MAH) એકમોમાં કાર્યસ્થળ સલામતી સુનિશ્ચિત કરવા માટે વિકાસ ભારત ૨૦૪૭ કાર્ય યોજના હેઠળ ક્ષમતા નિર્માણના પગલાં પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ભારતીય પ્રતિનિધિમંડળે ILOના ડિરેક્ટર જનરલ અને વરિષ્ઠ નિષ્ણાતો અને અન્ય દેશોના પ્રતિનિધિઓ સાથે ભારતના રસના શ્રમ અને રોજગાર મુદ્દાઓ પર અનેક દ્વિપક્ષીય ચર્ચાઓ પણ કરી હતી. ડાયરેક્ટર જનરલ-ILO સાથે દ્વિપક્ષીય ચર્ચા, શ્રીમતી દાવરાએ આઈએલઓના ડીજી શ્રી ગિલ્બર્ટ એફ. હોંગબોને મળ્યા અને તેમની મુખ્ય પહેલ ગ્લોબલ કોએલિશન ફોર સોશિયલ જસ્ટિસ માટે તેમને અભિનંદન આપ્યા, જે સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવા માટે વૈશ્વિક સહયોગ માટે એક મજબૂત પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે સામાજિક સુરક્ષા કવરેજનું મૂલ્યાંકન કરતી વખતે આઈએલઓ દ્વારા ઈન-કાઈન્ડ લાભો ધ્યાનમાં લેવાની જરૂરિયાતનો પણ પુનરોચ્ચાર કર્યો.

### વનસ્પતિથી ભરેલા હોય તેને વન કહેવામાં આવે છે, આપણા શાકાહારી માટે વનસ્પતિ શું ઉપયોગી છે? એ કંઈ કહેવાની જરૂર નથી

# વન સંરક્ષણ નહીં કરીએ તો લુપ્ત થતી પક્ષી પ્રજાતિ જેમ, આપણું અસ્તિત્વ પણ નહીં રહે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજકાલ તો પ્રકૃતિમાં કેટલું પ્રદુષણ વધી ગયું છે, અને એ બધું માનવની માનસિકતા દર્શાવે છે, કે પોતાના મોજશોખ કે એશોઆરામ માટે તે કંઈપણ કરી શકે, વસ્તી વધારો જે રીતે વધી રહ્યો છે તે જોતા કદાચ એક દાયકા પછી અત્યારે અસ્તિત્વમાં રહેલા જંગલો પણ કદાચ ન હોય એવી પરિસ્થિતિ છે.**

૨૧ માર્ચ એટલે વન દિવસ અને કવિતા દિવસ આવશે, વન હશે તો કવિતા થશે, અથવા તો શું હવે ફક્ત કવિતાઓમાં જ વનને જોવાનું છે? એ ભાવ વન દિવસ અને કવિતા દિવસના સંયોગે મનમાં ઉદ્ભવે છે. વન કહો કે પર્યાવરણ કહો પણ જે આપણી આસપાસ છે, એ હવે પહેલા જેટલું શુદ્ધ નથી એ વાતને આપણે નકારી શકતા નથી. પણ જો એને સ્વીકારી લઈએ તો હજી પણ સુધારો થઈ શકે છે, એ મહત્વની વાતને દ્રઢ પણે વળગીને હવે કંઈક તો કરવું જ પડશે તો જ આપણું અસ્તિત્વ સલામત રહેશે. આજકાલ તો પ્રકૃતિમાં કેટલું પ્રદુષણ વધી ગયું છે, અને એ બધું માનવની માનસિકતા દર્શાવે છે, કે પોતાના મોજશોખ કે એશોઆરામ માટે તે કંઈપણ કરી શકે. વસ્તી વધારો જે રીતે વધી રહ્યો છે તે જોતા કદાચ એક દાયકા પછી અત્યારે અસ્તિત્વમાં રહેલા જંગલો પણ કદાચ ન હોય એવી પરિસ્થિતિ છે, અને હવે તો ગામ ઔધોગિકરણ ને કારણે ખેતીની જમીન ને પણ બીન ખેતી બનાવતો ભ્રષ્ટાચાર ખૂબ ફાલ્યો છે, ટૂંકમાં સિમેન્ટ ક્રોકીટનાં જંગલો વધી રહ્યા છે,એ સૌથી મોટી સમસ્યા છે. માનવે પોતાના નિજી સ્વાર્થ માટે વન ઉપવન કે જંગલ તો હવે રહેવા જ ક્યાં દીધા છે? વનસ્પતિથી ભરેલા હોય તેને વન કહેવામાં આવે છે, આપણા શાકાહારી માટે વનસ્પતિ શું ઉપયોગી છે? એ કંઈ કહેવાની જરૂર નથી. વનસ્પતિ આપણને શું ઉપયોગી છે, એ જાણવા માટે ચાલો પ્રાથમિક શાળાનાં એ વર્ગમાં જઈએ, જ્યાં આપણે ભણ્યા હતાં કે વનસ્પતિ પ્રકાશસંશ્લેષણની ક્રિયા કરીને વાતાવરણમાં ઓક્સિજન મુક્ત કરે છે, અને એ ઓક્સિજન માનવ શ્વાસોશ્વાસની ક્રિયામાં ગ્રહણ કરે છે, અને પોતાનું સ્વાસ્થ્ય બનાવી રાખે છે. એટલે એમ કહી શકાય કે વનસ્પતિ તો મનુષ્ય જીવન ટકાવી રાખવા માટે પાયાની જરૂરિયાતમાં આવે છે. આ ઉપરાંત શાકાહારીને વનસ્પતિ માંથી જ આપણને ખોરાક પણ પ્રાપ્ત થાય છે, અને ખોરાક દ્વારા પોષણ મેળવી આપણે શારીરિક વૃદ્ધિ કરીએ છીએ. વનસ્પતિનું એક એક અંગ, એટલે કે, કોઈ નું પર્ણ, તો કોઈ ની ડાળ, કોઈનું ફળ, કોઈનો ફૂલ, કે પછી કોઈનું મૂળ, અથવા તો વૃક્ષની છાલ, અને કાંટા ,ફૂલની પરાગ રજ, સુધી દરેક અંગ આપણને કોઈ ને કોઈ રુપે છેવટે ઔષધ રુપે પણ ઉપયોગી બને છે. એટલે એમ કહી શકાય કે વનસ્પતિ એ આપણા અસ્તિત્વનો મૂળ આધાર છે. છતાં આપણે તેને એને અણદેખ્યુ કઈ રીતે કરી શકીએ!! શહેરીકરણ ને નામે નેશનલ હાઈવે બનાવવા માટે કેટ કેટલા વૃક્ષોને કાપવા પડે છે. એ જોતાં એવું લાગે કે હવે વિકાસ પણ આપણને એકંદરે મોંઘો જ પડે છે, તે છતાં જે કરવું પડે તે કરવું પડે, એવું સરકાર કહી દે. પરંતુ એક નીતિ અવશ્ય રાખી શકાય, કે બને એટલા ઓછા વૃક્ષ કાપવા. એમાં પણ આપણે શાકાહારીઓનું જીવન તો સંપૂર્ણપણે વનસ્પતિ પર જ નિર્ભર છે, એથી કહી શકાય કે, વનસ્પતિ છે ત્યાં સુધી જ આપણું અસ્તિત્વ છે. આ વાત આપણે પક્ષી જગત પરથી જોઈ શકીએ,જેમ કે ૨૦ ૩૦ વર્ષ પહેલા જેટલા પક્ષીઓ દેખાતા હતાં, કાબર, કાગડો, કબુતર, ચકલી,હોલો તેનું પ્રમાણ આજે એકદમ ઘટી ગયું છે. માનવ એ તેમના નિવાસ્થાન જ કાપી નાખ્યાં પછી ક્યાં રહે!! ૨૦ માર્ચ એ ચકલી દિવસ આવશે, અને બધાએ ચકલીને લઈને પોતાનો પ્રેમ વ્યક્ત કરતાં વાક્યો અથવા વિડિઓ અપલોડ કરશે. એમ કહી શકાય કે, જેમ પક્ષી જગતની ઘણી જાતિ પ્રજાતિઓ લુપ્ત થઈ છે,એ જોતાં એવું લાગે છે કે આવતી કાલે કદાચ માનવનું અસ્તિત્વ પણ જોખમમાં ગણી શકાય.પરંતુ આટલું સીધુ સાદુ સત્ય પણ આપણને સમજાતું નથી, અને કોઈવાર વિકાસને નામે, તો કોઈવાર રહેણાંકને નામે, અને કોઈવાર કોઈપણ કારણ વગર પણ વૃક્ષ કપાતાં જ જાય છે. વૃક્ષો ઉછેરવા એ આપણી નૈતિક ફરજ છે, અને સરકાર તરફથી પણ વૃક્ષો માટે એવો કોઈ કાયદો કરાતો નથી,એ ખરેખર દુઃખની વાત છે. માનવની જેમ વનસ્પતિ પણ સજીવ છે તો વૃક્ષો કાપવા એ પણ એક જીવ હત્યા થઈ કહેવાય,પણ આ સત્ય કોઈ ને દેખાતું નથી. આ સમય જાગરણનો છે, હવે મોહનિંદ્રા, કે ભોગનિંદ્રા, કે તમસ નિંદ્રામાં સુવું પોષાય એમ નથી. પરંતુ જાગી ગયા તો હવે કરવું શું!! એ પણ એક પ્રશ્ન થાય અને આની માટે દરરોજ ચિંતનમાં જુદા જુદા વિષયો પર અર્થ વિશ્લેષણ કરીને ચરણમાં આચરણના ઘુઘંરુ બાંધી ગતિ કરવાની વાત કહેવામાં આવે છે. ભૂતકાળ તરફ નજર કરીએ કે, આપણને આજ સુધી જીવન આપનાર વનસ્પતિ માટે આપણે શું કર્યુ? અથવા કંઈ કર્યુ છે? મોટે ભાગે જવાબ ના જ આવશે, તો હવે કંઈક કરવાનો સમય આવી ગયો છે, કંઈ નહીં તો આ બાબત પર થોડી જાગૃતિ રાખીને એક બે વૃક્ષ ઉછેરી એ,અને અન્યને આચરણથી શીખવીએ, અને કોઈ કાપતુ હોય તો એને રોકીએ. સત્યની પરિભાષા કરી કરીને જ સત્યને અઘરું બનાવી દીધું છે, બાકી આ બાબતે સત્ય સાવ સાદું છે, કે જે આપણને જીવન આપે છે, એની આપણે દરકાર કરવી જોઈએ. વિશ્વ વન દિવસની ઉજવણી કઈ રીતે થઈ, એ છાપામાં આવશે, અને ખોટે સાચે મોઢે નેતાઓ વૃક્ષારોપણ કરતા હશે, એવા ફોટા પણ દેખાડા માટે પડાવી અને સોશિયલ મીડિયામાં મુકાશે,અને બસ વિશ્વ વન દિવસની ઉજવણી પૂરી!! પણ જેટલા વૃક્ષનું રોપણ થાય છે એ ઉછરે છે? એ પણ જોવું પડે. વન્ય સંરક્ષણ માટે આપણાથી બીજું કંઈ થઈ ના શકે તો બને એટલા વધુ વૃક્ષો વાવીએ, તેનું જતન કરીએ, એટલે કે ઉછેર કરીએ, યોગ્ય સમયે પાણી અને ખાતર નાખી તેની વૃદ્ધિ તરફ લક્ષ્ય સેવીએ, અને વનમાં રહેતા પ્રાણીઓના જીવનને પણ બચાવીએ. વન કે જંગલોમાં દિન પ્રતિ દિન પ્રાણીઓની સંખ્યા ઘટતી જાય છે, અને પાણી માટે કે, ખોરાક માટે તે લોકો હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ જવા લાગ્યા છે. રોજ છાપામાં દીપડો, ચિત્તો, સિંહ, રસ્તા પર ઉતરી આવ્યા અને બાળકીને લઈ ગયા કે વાછરડાને લઈ ગયાં, એવા સમાચાર આપણે જોતા હોઈએ છીએ. વૃક્ષોનું જતન કરવું જોઈએ, એ ફક્ત વાત ન રહેતાં વર્તન સુધી તેને લઈ જઈએ. પાંચ વર્ષ પહેલાંની એક વાત કરું તો, ઘર જૂનું થયું હોવાથી વારંવાર રીનોવેશન માગતું હતું, અને એક દિવસ સ્લેબ પડતા અંતે પડાવવાનો નિર્ણય લીધો, પરંતુ આંગણાનાં બે વડીલ આસોપાલવ નું શું કરવું? એ એક મોટો પ્રશ્ન આવીને ઉભો રહ્યો!પણ બધાએ નક્કી કર્યું કે એ કપાવવા નથી, અને આજે પણ એ અડીખમ ઊભા છે, ટ્રક, બુલડોઝર ને ટ્રેક્ટર બધાથી તેને બચાવવા એ ખરેખર અઘરૂં પડતું હતું ,પણ પુજ્ય બાપુનું એક વાક્ય કામ કરી ગયું કે, તમારા આંગણામાં ઉભેલા મોટા મોટા વૃક્ષો એ તમારા આંગણાંમાં ઉભેલા ઋષિ છે, તેનું એ રીતે ધ્યાન રાખવું કે ઉછેર કરવો,અને બંને ત્યાં સુધી ડાળ પણ ન કાપવી. ટૂંકમાં અન્ય કોઈ શું કરે છે? કે કંઈ જ નથી કરતાં! એ જોયા વગર આપણે હવે શું કરી શકીએ તેમ છીએ? તે વાત પર ફોક્સ આપવું પડશે, અને બને તેટલું વન્ય સંરક્ષણ એટલે વનસ્પતિનાં ઉછેર તરફ ધ્યાન કેન્દ્રિત કરીને, વધુ ને વધુ ફૂલ છોડ ને વૃક્ષ વાવીને તેનો ઉછેર કરવો પડશે. આજકાલ તો ટેરેસ ગાર્ડનની પણ ફેશન બની છે,પરંતુ ફેશનનો એક અર્થ દેખાડો એવો થાય છે, એટલે દેખાડાની વૃત્તિથી નહીં, પણ ખરેખર વન્ય સંરક્ષણની નીતિથી જે કંઈ થાય એ કર્મ કરીને આપણું અસ્તિત્વ બચાવવા હવે ઝઝૂમવું પડશે. જય હિન્દ.

### એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા, એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે

# કળયુગ-સંપત્તિ છે, શાંતિ નથી સુધરેલા છે, સંસ્કાર નથી, ધર્મ છે, આચરણ નથી, કુટુંબ છે, કર્તવ્ય નથી, માણસ છે, માણસાઈ નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભાગવતના શ્રવણથી, દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે, શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદગતિ મળે છે, દૃષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી તેથી આત્મદેવ બ્રાહ્મણનું દૃષ્ટાંત કહી કથા શ્રવણનો મહિમા સમજાવે છે, તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું, ત્યાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો.**

હોળી ધુળેટીનું પર્વ શાંતિ એકતા એખલાસ સાથે ઉજવાયું હવે કમુર્તા ઉતર્યા સારા કાર્યોનો શુભારંભ થશે. રમજાન માસની તપશ્ચર્યા ચાલે છે આગામી એપ્રિલ માસે રમજાન ઈદનો તહેવાર ઉજવાશે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભાગવતના શ્રવણથી, દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે. શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદગતિ મળે છે.દૃષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી તેથી આત્મદેવ બ્રાહ્મણનું દૃષ્ટાંત કહી કથા શ્રવણનો મહિમા સમજાવે છે. તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું. ત્યાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો. આત્મદેવ પવિત્ર હતો પણ આ ધુંધલી સ્વભાવની ક્રૂર, પારકી પંચાત કરવાવાળી અને ઝઘડાળુ સ્ત્રી હતી. આત્મદેવ નિઃસંતાન હતો. સંતતિના અભાવે તે દુઃખી હતો. તેથી તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. તે માટે તે વનમાં નદીકિનારે આવ્યો. ત્યાં તેને એક મહાત્મા મળ્યા. આત્મદેવ મહાત્મા પાસે દુઃખ રડવા લાગ્યો કે, ખાવાનું ઘણું છે પણ ખાનાર કોઈ નથી, એટલે દુઃખી છું. તેથી આત્મહત્યા કરવા અહીં આવ્યો છું. મહાત્માએ કહ્યું: 'તારે પુત્ર નથી. એમાં ભગવાનની કૃપા છે. છોકરો ન થાય તો સમજવું કે ઠાકોરજીએ મારા હાથે જ બધું ધન વાપરવાનું મારા નસીબમાં લખ્યું છે, એટલા માટે મને પુત્ર આપ્યો નથી. તેથી ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં આનંદ માનવો.' એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે. એકનાથ મહારાજ કહે છે કે, મને સ્ત્રી સંગ નહીં પણ સત્સંગ મળ્યો છે. તમે અનુકૂળ પત્ની આપી છે, તેથી હું તમારું ભજન કરું છું. થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજ દર્શન કરવા આવ્યા. તુકારામની પત્ની કર્કશા હતી છતાં તુકારામ મહારાજ આ સ્ત્રી આપવા બદલ ભગવાનનો ઉપકાર માને છે. કહે છે કે, તમે પ્રતિકૂળ પત્ની આપી છે એટલે તમારું ભજન કરું છું. સારી પત્ની મળી હોત તો હું તેની પાછળ પડત, તમને ભૂલી જાત. એકનાથજીને અનુકૂળ પત્ની મળી છે તેથી આનંદ છે અને તુકારામને પ્રતિકૂળ પત્ની મળી છે તોય આનંદ છે. નરસિંહ મહેતાના કુટુંબનો નાશ થયો છતાં મહેતાએ તેમાં આનંદ માન્યો અને ગાયું, 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ 'એકની પત્ની અનુકૂળ બીજાની પત્ની પ્રતિકૂળ, ત્રીજાની પત્નીનું મરણ તો પણ આ ત્રણે મહાત્મા ઓ આનંદ માને છે. વૈષ્ણવ તેનું નામ જે પ્રત્યેક પરિસ્થિતિમાં પરમાત્માની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખે માતાપિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય છે. પણ પુત્રેષ્ણા પાછળ અનેક વાસનાઓ આવે છે. પુત્રેષ્ણા અને પછી વિત્તેષણા અને પછી લોકેષણા જાગે છે. આત્મદેવે કહ્યું: 'મહારાજ, મને પુત્ર આપો. પુત્ર વિના પિતાની સદ્ગતિ નથી.'મહાત્મા આત્મદેવને સમજાવે છે કે, ભાઈ, પુત્રથી જ સદગતિ થતી નથી કે પુત્રથી ભક્તિ મળતી નથી. પુત્ર જ જો સદગતિ આપી શકતા હોય, તો લગભગ બધાને ત્યાં પુત્ર છે અને તેથી દરેકને સદગતિ મળી જાય. પિતા એવી આશા ન રાખે કે મારો પુત્ર શ્રાદ્ધ કરશે અને હું તરી જઈશ મારે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું, પણ એ જન્મમરણના ત્રાસમાંથી છૂટતા નથી. શ્રાદ્ધ કરવાની ના નથી. શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે, પણ શ્રાદ્ધથી ભક્તિ મળતી નથી. પિંડદાનનો અર્થ કોઈ સમજતા નથી. આ શરીરને પિંડ કહે છે, તેને પરમાત્માને અર્પણ કરવું તેનું નામ પિંડદાન.આ પ્રમાણે જીવન અર્પણ કરે તેનું પિંડદાન સાચું. બાકી માત્ર લોટના પિંડદાનથી ભક્તિ મળતી હોય,તો ઋષિ મુનિઓ ધ્યાન, યોગ, જપ, તપ આદિ સાધનો કરે જ શા માટે? પોતાનું સત્કર્મ જ જીવનમરણના ત્રાસમાંથી માણસને છોડાવે છે, બીજાનું નહીં,જીવ પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. ગીતામાં ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે, પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો, અને પોતાને અધોગતિમાં લઈ જનાર કાંઈ હોય તો તે પણ પોતે જ છે. જીવનનો ઉદ્ધાર જીવ પોતે ન કરે, તો તેનો ઉદ્ધાર બીજું કોણ કરવાનું હતું? મનુષ્યનો પોતાના સિવાય બીજો કોણ મોટો હિત કારી હોઈ શકે? જો તે પોતાનું શ્રેય જાતે ન કરી લે, તો પુત્ર વગેરે શું કરવાના હતા? પોતે કરવાનું પોતે ન કરવું અને દીકરા કરશે એમ માનવું એ કેવી વાત?શ્રુતિ તો કહે છે કે,ઈશ્વરનો અપ રોક્ષ અનુભવ ન થાય,જ્ઞાન નથાય ત્યાં સુધી ભક્તિ મળતી નથી. મરતાં પહેલાં જે ભગવાનને ઓળખે છે તેને ભક્તિ મળે છે. પરમાત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર કર્યા વગર ભક્તિ મળતી નથી. સાક્ષાત્કારથી જ માણસ મૃત્યુને ઓળંગી જાય છે, જીતી જાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહીં.ભગવાનને જાણ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. બાકી કેવળ શ્રાદ્ધ કરવાથી કાંઈ ભક્તિ મળતી નથી. હાં, તમારું પિંડદાન, એટલે કે આ તમારું શરીર પરમાત્માને અર્પણ કરશો તો તમારું કલ્યાણ થશે. તમારું પિંડદાન તમારે હાથે કરો એ જ ઉત્તમ છે. જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે. નિશ્ચય કરો કે, આ શરીર-પિંડ પરમાત્માને અર્પણ કરવો છે. તારું પિંડદાન તું તારા હાથે જ કરી નાખ! ઘરમાં જે છે તે બધું વાપરી નાખ અનેનારાયણ નારાયણ કર! મહાત્માનો આવો સુંદર બોધ આત્મદેવને ગમ્યો નહીં. તેણે દુરાગ્રહ કર્યો કે, મને પુત્ર આપો, નહીંતર હું પ્રાણત્યાગ કરીશ. મહાત્માને દયા આવી. તેમણે એક ફળ આપ્યું અને કહ્યું,આ ફળ તારી સ્ત્રીને આપજે.તારે ત્યાં લાયક પુત્ર થશે. આત્મદેવ તે ફળ લઈને ઘરે આવ્યો અને ફળ પોતાની પત્નીને આપ્યું. ધુંધલીએ વિચાર કર્યો, ફળ ખાઈશ તો સગર્ભા થઈશ અને દુઃખી થઈશ. કોણ એ પીડામાં પડે! એટલે તેણે પોતાની બહેનને વાત કરી, બહેનને સલાહ આપી કે,મને બાળક થવાનું છે તે હું તને આપી જઈશ. તું માત્ર સગર્ભા હોવાનું નાટક કર! ધુંધલીને ફળ તો જોઈએ છે પણ દુઃખ જોઈતું નથી.આ મનુષ્ય સ્વભાવ છે. સુખ તો જોઈએ પણ વિના પ્રયત્ને, વિના દુઃખે, મનુષ્યને પુણ્ય કરવું નથી અને પુણ્યનું ફળ જોઈએ છે, પાપ કરવું છેઅને પાપ નું ફળ જોઈતું નથી. ધુંધલીએ તે ફળ ગાયને ખવડાવી દીધું, ને નાટક કર્યું. છેવટે બહેનનો છોકરો લઈ આવી જાહેર કર્યું કે મને પુત્ર થયો છે. ધુંધલીએ પુત્રનું નામ ધુંધુકારી રાખ્યું.આ બાજુ જે ગાયને ફળ ખવડાવેલું તે ગાયને મનુષ્યકારનું ગાય જેવા કાનવાળું બાળક થયું. તેનું નામ ગોકર્ણ રાખવામાં આવ્યું. બાળકો મોટા થયાં.ગોકર્ણ પંડિત અને જ્ઞાની થયો.ધુંધુકારી દુષ્ટ નીકળ્યો. ભાગવતની કથા ત્રણ પ્રકારે વિચારવાની છેઃ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. માનવ કાયા એ તુંગભદ્રા છે. ભદ્રા એટલે કલ્યાણ કરનારી અને તુંગ એટલે વધારે. પુષ્કળ કલ્યાણ કરનારી નદી એ તુંગભદ્રા. તે જ મનુષ્ય શરીર. માનવકાયા દ્વારા મનુષ્ય આત્મદેવ થઈ શકે છે. આત્માનો દેવ બને તે આત્મદેવ. આત્મદેવ તે જીવાત્મા છે. આપણે બધા આત્મદેવ છીએ.નર જ નારાયણ બને.મનુષ્ય શરીરમાં રહેલો જીવ દેવ બની શકે છે અને બીજા ને પણ દેવ બનાવી શકે છે. પશુઓ પોતાના શરીરથી કલ્યાણ કરી શકતાં નથી મનુષ્ય બુદ્ધિવાળુ પ્રાણી હોવાથી પોતાના શરીરથી પોતાનું તેમજ બીજાઓનું કલ્યાણ કરી શકે છે. ધૂંવાફૂવા કરનારી, કુતર્કો કરનારી, વિના શ્રમે સુખની આશારાખનારી ધુંધલી તે બુદ્ધિ છે. દરેકના ઘરમાં, દરેકના મનમાં આ ધુંધલી છે.એ પારકી પંચાત કરે છે પણ હું કોણ છું,મારો ધણી કોણ છે,એનો વિચાર કરતી નથી. અહીં કથામાં પણ એ તોફાન કરે છે. બુદ્ધિ સાથે આત્માનું લગ્ન થયું પણ જ્યાં સુધી તેને કોઈ મહાત્મા ન મળે,સત્સંગ ન થાય, ત્યાં સુધી વિવેકરૂપી પુત્રનો જન્મ થતો નથી. વિવેક એ જ આત્માનો પુત્ર. જેના ઘરે વિવેકરૂપી પુત્ર નથી તે સંસાર નદીમાં ડૂબી જાય છે.તેથી તો આત્મદેવ ગંગાકિનારે ડૂબી મરવા જાય છે. દેવ બનવાની અને બીજાને દેવ બનાવવાની શક્તિ આત્મામાં છે, પણ આત્મશક્તિને ભાન કરાવ્યું, ત્યારે તેને પોતાના સ્વરૂપનું ભાન થયું.આત્મશક્તિ સત્સંગથી જાગૃત થાય છે. સત્સંગ વગર જીવનમાં દિવ્યતા આવતી નથી. પરંતુ દુઃખની વાત છે કે, સંત- મહાત્માએ આપેલું વિવેકરૂપી આ ફળ બુદ્ધિને ગમતું નથી. બુદ્ધિરૂપી ધુંધલીની નાની બહેન છે મન. બુદ્ધિ મનની સલાહ લે તો દુઃખી થાય છે.મન અનેક વખતઆત્માને છેતરે છે,મન સ્વાર્થી છે, આત્મદેવરૂપી આત્મા ભોળો છે. તેને મન-બુદ્ધિ વારંવાર છેતરે છે. આત્મદેવ મન બુદ્ધિનું કપટ સમજી શક્યો નહીં.એટલે મન બુદ્ધિએ ફળ ગાયને ખવડાવ્યું. ગો એટલે ગાયદિક જાન્દ્રિય-ભક્તિ વગેરે પણ એના અર્થ થાય છે. ફળ ગાય ને એટલે ઈન્દ્રિયને ખવડાવ્યું. જોયું ને, સત્સંગથી એકદમ ઈન્દ્રિયોની શુદ્ધિ થતી નથી. મન અને બુદ્ધિ જ્યારે ભાગવતનો, ભગવાનનો આશ્રય લેશે ત્યારે તે સુધરશે. વાચક ચાહક મિત્રો, ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી રહ્યા છીએ.. કાળઝાળ ગરમીમાં રાહત થાય તેવો કોઈ અણસાર દેખાતો નથી. આ બધા વચ્ચે દિલ્હી સહિત કેટલાક વિસ્તારમાં માવઠું થયાના સમાચાર છે. આપણે આનંદ મૌજમાં સમય પસાર કરીએ.. અસ્તુ..



# સોનાની દાણચોરી કેસમાં અભિનેત્રી રાન્યા રાવની જામીન અરજી ફગાવી

**દુબઈથી પરત ફરતી વખતે બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પકડાઈ ગઈ હતી**

સોનાની દાણચોરીના ગંભીર કેસમાં આરોપી રાન્યા રાવની જામીન અરજી ખાસ કોર્ટે ફગાવી દીધી છે. ન્યાયાધીશ વિશ્વનાથ સી ગોવદારે આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ચુકાદો સંભળાવ્યો. હવે રાણ્યાના વકીલ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરવાની તૈયારી કરી રહ્યા છે.સોનાની દાણચોરીના ગંભીર કેસમાં આરોપી રાન્યા રાવની જામીન અરજી ખાસ કોર્ટે ફગાવી દીધી છે. તેમણે આર્થિક ગુનાઓ માટેની ખાસ અદાલતમાં જામીન અરજી દાખલ કરી હતી. આ ચુકાદો ન્યાયાધીશ વિશ્વનાથ સી ગોવદારે આપ્યો હતો, જેમણે આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.સોનાની દાણચોરીના એક હાઈ-પ્રોફાઈલ કેસમાં




ધરપકડ કરાયેલ રાન્યા રાવે જામીન માટે કોર્ટમાં અપીલ કરી હતી. તેમની અરજી ફગાવી દેતી વખતે, કોર્ટે આરોપોની ગંભીરતા અને તપાસની સ્થિતિને ધ્યાનમાં લીધી. રાણ્યા હાલ ન્યાયિક કસ્ટડીમાં રહેશે અને તેના વકીલ હવે સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવાની તૈયારી કરી રહ્યા છે.રાન્યા રાવના વકીલે દલીલ કરી હતી કે કેસમાં તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને હવે તેને જામીન પર મુક્ત કરવો જોઈએ જેથી તે પોતાનો બચાવ મજબૂત કરી શકે, પરંતુ કોર્ટે અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આરોપો હજુ પણ ગંભીર છે અને ન્યાયિક પ્રક્રિયાનું પાલન કરવાની જરૂર છે.હવે રાન્યા રાવની કાનૂની ટીમ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરવાની તૈયારી કરી રહી છે.

### ડીનોએ આખરે સંબંધની પુષ્ટિ કરી

# અભિનેતા ડીનો મોરિયા ૪૯ વર્ષની ઉંમરે લગ્ન કરશે




**ડીનો એક સમયે બિપાશા બાસુ સાથે રિલેશનશિપમાં હતો, પરંતુ ત્યારબાદ તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું**

ડીનો મોરિયાએ આખરે સંબંધની પુષ્ટિ કરી છે. ૪૯ વર્ષનો ડીનો એક સુંદર સ્ત્રીને ડેટ કરી રહ્યો છે. તેણે લગ્ન વિશે પણ વાત કરી, પરંતુ છોકરીનું નામ જાહેર કર્યું નહીં. ડીનોએ ૨૩ વર્ષ પછી બિપાશા બાસુ સાથેના બ્રેકઅપ વિશે એક મોટું રહસ્ય પણ ખોલ્યું.ડીનો મોરિયા એક સમયે બિપાશા બાસુ સાથે રિલેશનશિપમાં હતો, પરંતુ પછીથી તેમનું બ્રેકઅપ થઈ ગયું. ત્યારથી, અભિનેતા અત્યાર સુધી સિંગલ હતો. પરંતુ હવે આખરે પુષ્ટિ થઈ ગઈ છે કે તેઓ સંબંધમાં છે. પણ કોની સાથે? તેણે આ વાત કહી નથી. ડીનો મોરિયાએ એક ઈન્ટરવ્યુમાં પ્રેમ અને સંબંધોથી લઈને બિપાશા બાસુ સાથેના બ્રેકઅપ સુધીની દરેક બાબત વિશે વાત કરી.અભિનેતાએ ખુલાસો કર્યો કે બિપ ાશાએ નહીં પણ તેણે જ અભિનેત્રી સાથે સંબંધ તોડ્યો હતો. ડીનો મોરિયાએ આનું કારણ પણ જણાવ્યું છે.ડીનો મોરિયાએ કહ્યું, 'પ્રેમ એક અદ્ભુત વસ્તુ છે. મને લાગે છે કે દરેક વ્યક્તિએ પ્રેમ કરવો જોઈએ. તમે આ પૃથ્વી પર પ્રેમ ફેલાવવા માટે આવ્યા છો. બધાને પ્રેમ કરો- તમારા ભાઈ, તમારી બહેન, તમારી માતા, તમારા પિતા, તમારી ગર્લફ્રેન્ડ, તમારા બોયફ્રેન્ડ, તમારા પતિ, તમારી પત્ની, તમારા કૂતરા.ડીનો મોરિયાએ તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ બિપાશા બાસુની પ્રશંસા કરી અને કહ્યું- હું સરોગસી દ્વારા પિતા બનવા માંગતો નથીતેમણે આગળ કહ્યું, 'પ્રેમ સારો છે. તમે જેટલો વધુ પ્રેમ વહેંચશો, તેટલો વધુ પ્રેમ તમને મળશે. જ્યારે કોઈ તેમને પ્રેમ કરે છે ત્યારે દરેકને તે ગમે છે. જ્યારે ડીનો મોરિયાને પૂછવામાં આવ્યું કે શું તે હાલમાં કોઈની સાથે સંબંધમાં છે, ત્યારે તેણે કહ્યું, 'હા, કદાચ.

### હિન્દી ફિલ્મ શહેરીકરણ કેન્દ્રી થઈ રહી છે

# હિન્દી ફિલ્મ્સ પોતાનાં મૂળને ભૂલી ગઈ છે

છેલ્લાં થોડા સમયથી હિન્દી ફિલ્મ્સની ગુણવત્તા, સ્ટારડમ, બોક્સઓફિસ અને સ્ટાર પાવર ચર્ચામાં છે. હવે આ ચર્ચામાં આમિર ખાને પણ ઝંપલાવ્યું છે. તેણે તાજેતરમાં હિન્દી ફિલ્મ્સની ટીકા કરી છે અને કહ્યું કે હિન્દી ફિલ્મ્સ પોતાના મૂળ ભુલી ગઈ છે. આ બાબતને તેણે હિન્દી ફિલ્મોની નિષ્ફળતાનું કારણ ગણાવી હતી.આમિર ખાન રવિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહ્યો હતો. પીવીઆર ઈનોક્સમાં આમિર ખાનઃ સિનેમા કા જાદુગર, આમિર ખાનની ફિલ્મ્સનો એક અનોખો ફિલ્મ ફેસ્ટિવલ શરૂ થયો છે. તેના માટેની આ પ્રેસ કોન્ફરન્સ હતી. જ્યારે તેણે સાઉથની ફિલ્મ્સની સફળતા માટે તેમના ડિરેક્ટર્સ વાર્તામાંની દરેકને સ્પર્શી જતી લાગણીઓને જવાબદાર ગણાવી હતી, જે નોર્થના ફિલ્મ મેકર્સ ભૂલી ગયા છે.સાઉથની ફિલ્મ એક પછી એક સફળ થઈ રહી છે અને હિન્દી ફિલ્મ સંઘર્ષ કરી રહી છે, આ અંગે આમિરે કહ્યું, "એક કારણ એ પણ છે કે હિન્દી ફિલ્મના લેખકો અને ડિરેક્ટર્સ એવા ઓડિયન્સને



મનોરંજન આપવાની કોશિશ કરી રહ્યાં છે, જે હવે થોડું ધારદાર બની ગયું છે. તેઓ પોતાના મૂળ ભુલી ગયાં છે. ઉપરછલ્લી લાગણીઓ કરતાં કેટલીક બારીક લાગણીઓ પણ હોય છે. બદલો એ એક તીવ્ર લાગણી છે. પણ શંકા એક હળવી લાગણી છે. એ થોડી ઓછી આકર્ષક ભાવના છે. ગુસ્સો, પ્રેમ, બદલો. આપણે જીવનના વિવિધ પાસાં પર વાત કરીએ છીએ. પણ આપણે બહોળી લાગણી પર ધ્યાન આપતાં નથી."

હિન્દી ફિલ્મ શહેરીકરણ કેન્દ્રી થઈ રહી છે, તે અંગે આમિરે કહ્યું, "જ્યારે મલ્ટિપ્લેક્સ આવ્યા ત્યારે ઈન્ડસ્ટ્રીમાં લોકો ચર્ચા કરતાં હતાં કે ઓડિયન્સ બદલાયું છે. તે બહુ જલ્દી બદલાઈ રહ્યું હતું. પછી કેટલીક એવી ફિલ્મ્સ બનવા માંડી જે મલ્ટિપ્લેક્સ કેન્દ્રી હતી. બે પ્રકાર બની ગયા, મલ્ટિપ્લેક્સ ફિલ્મ અને સીંગલ સ્ક્રીન ફિલ્મ. સાઉથની ફિલ્મ્સ સામાન્ય રીતે સિંગલ સ્ક્રિન ફિલ્મ કહેવાતી, સામાન્ય જનતા માટેની, સીધી સ્પર્શી જાય એવી અને બહોળી લાગણીવાળી ફિલ્મ હોય છે. મને લાગે છે હિન્દી ફિલ્મના મેકર્સ મલ્ટિપ્લેક્સ કેન્દ્રી થઈ રહ્યા છે."

### બોલિવૂડમાં શોકની લહેર

# કાજોલ-રાનીના કાકા અને પીઢ અભિનેતા દેબ મુખર્જીનું અવસાન



**બોલિવૂડની અભિનેત્રી કાજોલ અને રાની મુખર્જીના કાકા દેબ મુખર્જી લાંબા સમયથી બિમાર હતા**

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાંથી ધુળેટીના પર્વના દિવસે ખૂબ જ દુઃખદ સમાચાર સામે આવ્યા છે. જાણીતા ફિલ્મ ડાયરેક્ટર અયાન મુખર્જીના પિતા અને દિગ્ગજ અભિનેતા દેબ મુખર્જીનું નિધન થયું છે. તેમણે આજે હોળી (૧૪ માર્ચ)ના રોજ ૮૩ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. અભિનેતાના નિધનના સમાચાર આવતા જ બોલિવૂડમાં શોકનો માહોલ જોવા મળ્યો છે.બોલિવૂડની અભિનેત્રી કાજોલ અને રાની મુખર્જીના કાકા દેબ મુખર્જી લાંબા સમયથી બિમાર હતા. હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. આજે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. દેબ મુખર્જીના નિધનથી પરિવાર શોકમાં છે. તેમનું અંતિમ સંસ્કાર આજે ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ મુંબઈના જુહુ સ્થિત પવન હંસ સ્મશાન ઘાટ પર થશે. તેમની અંતિમ યાત્રામાં બોલિવૂડની અનેક હસ્તીઓ જોડાઈ શકે છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલો મુખર્જી પરિવાર વર્ષોથી લોકપ્રિય છે. દેબ મુખર્જી એક્ટર જોય મુખર્જી અને ફિલ્મ નિર્માતા શોમુ મુખર્જીના નાના ભાઈ હતા. શોમુ મુખર્જીએ અભિનેત્રી તનુજા સાથે લગ્ન કર્યા હતા. જેથી દેબ મુખર્જી બોલિવૂડ અભિનેત્રી કાજોલ અને તનિષા મુખર્જીનાં કાકા હતા. તેમનો પુત્ર અયાન મુખર્જી એક પ્રખ્યાત ડાયરેક્ટર છે, જેમણે ઘણી સુપરહિટ ફિલ્મ વેક અપ સિડ, યે જવાની હૈ દીવાની અને બ્રહ્માસ્ત્ર જેવી ફિલ્મો ડાયરેક્ટ કરી છે. કાજોલ આ દુઃખની ઘડીમાં દેબ મુખર્જીના પરિવારને સાંત્વના આપવા દેબ મુખર્જીના ઘરે પહોંચી છે. રણબીર કપૂર પણ અયાન મુખર્જીની દુખઃની ઘડીમાં સાથ આપવા અલીબાગથી પરત ફર્યા છે.હિન્દુ બંગાળી મરાઠી પરિવાર મુખર્જી ફેમિલી વર્ષોથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલુ છે. દેબ મુખર્જી ૬૦ અને ૭૦ના દાયકાના લોકપ્રિય અભિનેતા હતા. તેમણે ઘણી ફિલ્મોમાં ઉમદા અભિનય ભજવી ચાહકોના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. તેમણે તુલસી તેરે આંગન કી, આંસુ બને અંગારે, હૈવાન જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.

# લિજેન્ડ્સ ઓફ સોમનાથની રિલીઝ ડેટ બદલાઈ

**સોમનાથ મંદિર પર મુગલોના હુમલાની ઘટનાને દર્શાવતી ફિલ્મ કેસરી વીર**

સોમનાથ મંદિર પર મુગલોના હુમલાની ઘટનાને દર્શાવતી ફિલ્મ કેસરી વીરઃ લિજેન્ડ્સ ઓફ સોમનાથની ઘણી ચર્ચા છે, જેમાં સુનીલ શેટ્ટી વિવેક ઓબેરોય અને સુરજ પંચોલી જેવા કલાકારો કામ કરી રહ્યા છે. હવે આ ફિલ્મની રિલીઝ ડેટ બદલાવવામાં આવી છે. કનુ ચૌહાણ દ્વારા પ્રોડ્યુસ થયેલી આ ફિલ્મ હવે ૧૬ મેના રોજ રિલીઝ થશે. સોમનાથ મંદિરને તૂટતું બચાવવા માટે વીર યોદ્ધાઓએ મુગલો સામે જે લડત આપી હતી તે આ ફિલ્મમાં દર્શાવાયું છે. સુનિલ શેટ્ટી આ ફિલ્મમાં વેગડાજીનો રોલ કરે છે, જેઓ તેની માતૃભૂમિના રક્ષણ કાજે મોગલો સામે ખડા થયા હતા. જ્યારે તેને સાથ આપે છે હમીરજી ગોહિલ એટલે કે સૂરજ પંચોલી, જેઓ એક દૃ ઢ નિશ્ચયી યુવાન રાજપૂત રાજકુમાર હતા. તેઓ બંને સાથે




મળીને વિવેક ઓબેરોય એટલે કે ઝફર ખાન સામે સોમનાથને તૂટતું બચાવવા યુદ્ધ કરશે.આ ફિલ્મની રિલીઝ ડેટ પાછી ઠેલવા પાછળનું કારણ દર્શાવતા મેકર્સ દ્વારા એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં લખ્યું હતું કે, "કેસરી વીર માટે લોકોએ જે પ્રેમ અને આતુરતા દર્શાવી છે, તે અમારા માટે ભાવુક કરનારી છે. આ ફિલ્મ વર્લ્ડ વાઈડ અસરકારક રીતે રીલીઝ કરી શકાય તે માટે અમે હવે આ ફિલ્મને ૧૬ મે ૨૦૨૫ના દિવસે રિલીઝ કરીશું. અગાઉ આ ફિલ્મને ૧૪ માર્ચે રિલીઝ કરવાની જાહેરાત થઈ હતી. સોમનાથ મંદિર પર મુગલોના હુમલાની ઘટનાને દર્શાવતી ફિલ્મ કેસરી વીરઃ લિજેન્ડ્સ ઓફ સોમનાથની ઘણી ચર્ચા છે, જેમાં સુનીલ શેટ્ટી વિવેક ઓબેરોય અને સુરજ પંચોલી જેવા કલાકારો કામ કરી રહ્યા છે.

### અદા શર્માનું ચોંકાવનારું નિવેદન

# 'મારું સપનું છે કે હું લગ્ન ના કરું, સંબંધોથી મને ડર લાગે છે'

એક્ટ્રેસ અદા શર્માની ફિલ્મ 'કેરલા સ્ટોરી' બ્લોકબસ્ટર રહી હતી. બોક્સ ઓફિસ પર તેણે ધૂંઆધાર કમાણી કરી હતી. તે બાદ આ સુશાંત સિંહ રાજપૂતનું ઘર ખરીદવાને લઈને ચર્ચામાં રહી. હવે પોતાના એક નિવેદનને લઈને આ ચર્ચામાં આવી છે. અદાથી લગ્ન કરવાને લઈને સવાલ કરવામાં આવ્યો. તેની પર તેણે કહ્યું કે 'હું લગ્ન કરવા માગતી નથી. મારું સ્વપ્ન છે કે હું લગ્ન ન કરું. લગ્નના સ્વપ્નને જોવું મારા માટે ખરાબ સ્વપ્ન જેવું હશે. હું કોઈ સંબંધમાં આવવાથી ગભરાઈ રહી નથી. હું પહેલા જ ઘણી વખત દુલ્હનનું પાત્ર સ્ક્રીન પર નિભાવી ચૂકી છું. રિયલ લાઈફથી લગ્નની ઈચ્છા જ જતી રહી છે હવે મન ઉઠી ગયું છે. જો ભવિષ્યમાં મને લાગે છે કે લગ્ન કરવા જોઈએ તો હું આરામદાયક વસ્ત્રોમાં લગ્ન કરીશ. ભારે લહેંઘામાં નહીં.' અદા શર્માની પાસે હજુ ઘણા પ્રોજેક્ટ્સ છે. જેના વિશે તે વિચારી રહી છે.



# શ્રેષ્ઠ ગાયક તરીકે નોમિનેટ ન થતાં સોનુ નિગમે આઈફાની ટીકા કરી

**ઇન્ટરનેશનલ ઇન્ડિયન ફિલ્મ એકેડેમી દ્વારા ૯ માર્ચે જયપુરમાં ૨૫મા એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું**

સોનુ નિગમે જ્યારે 'ભૂલ ભુલૈયા ૩' માટે 'મેરે ઢોલના ૩.૦' ગાયું ત્યારે આ ગીતને જ ફિલ્મની હાઈલાઈટ બનાવવામાં આવી હતી. આ ગીતને લાંબા સમય સુધી એક સરપ્રાઈઝ એલિમેન્ટ રખાયું હતું. આ ગીતનાં વખાણ પણ ખૂબ થયાં હતાં. પરંતુ આ ગીતને એવોર્ડ તો ઠીક પરંતુ ગાયક સોનુ નિગમને શ્રેષ્ઠ ગાયકોની યાદીમાં પણ સ્થાન ન અપાયું. તેથી સોનુ તેમજ તેના પ્રસંશકો ઘણા નારાજ થયાં છે. ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડેમી દ્વારા ૯ માર્ચે જયપુરમાં ૨૫મા એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું. જેમાં લાપતા લડીઝને ૧૦ એવોર્ડ મળ્યા હતા. જ્યારે કાર્તિક આર્યનને 'ભુલ ભુલૈયા ૩' માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો છે. હવે સોનુ નિગમે આયોજકોની ટીકા કરી છે કારણ કે તેને 'ભૂલ ભુલૈયા ૩'ના 'મેરે ઢોલના ૩.૦' માટે બેસ્ટ સિંગર કેટેગરીમાં નોમિનેશન પણ મળ્યું નહીં. આ ગીત સોનુ નિગમની કારકિર્દીનાં યાદગાર ગીતોમાંનું એક ગણાય છે. ત્યારે આ ગીત માટે નોમિનેટ થયેલાં લોકોની યાદીની એક તસવીર શેર કરીને સોનુ નિગમે લખ્યું, "ધન્યવાદ આઈફા.



આખરે તમારે પણ રાજસ્થાન સરકારને જવાબ આપવો પડે."ત્યારે ઘણા લોકોને આ વાતનો સંદર્ભ સમજાયો નથી. હકીકત એવી છે કે, ડિસેમ્બર ૨૦૨૪માં રાજસ્થાનમાં 'રાઈઝિંગ રાજસ્થાન' નામનો કાર્યક્રમ યોજાયો હતો, જે અંતર્ગત સોનુ નિગમના કોન્સર્ટનું આયોજન થયું હતું. તેમાંથી રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને રાજસ્થાન કેબિનેટનાં અન્ય મંત્રીઓ સહિતના રાજકારણીઓ કાર્યક્રમ વચ્ચેથી ઉભા થઈને ચાલ્યા ગયા હતા. ત્યારે સોનુ નિગમે રાજકારણીઓને જો આખા કાર્યક્રમમાં ન બેસી શકે તેમ હોય તો કોન્સર્ટમાં ન જવા કહ્યું હતું. આ એવોર્ડમાં બેસ્ટ મેલ પ્લેબૅક સિંગર કેટેગરીમાં 'લાપતા લેડીઝ'નાં 'સજની' ગીત માટે અરિજિત સિંઘ, 'બૅડ ન્યૂઝ'નાં 'તૌબા તૌબા' ગીત માટે કરણ ઔજલા, 'ક્રૂ'નાં 'નૈના' માટે દિલજિત દોસાંજ, 'આર્ટિકલ ૩૭૦'નાં 'દુઆ' માટે જુબિન નોટિયાલ અને 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા'નાં 'અખિયાં ગુલાબ' માટે મિત્રાઝને નોમિનેટ કરવામાં આવ્યા હતા. તેમાંથી જુબિન નોટિયાલે એવોર્ડ જીત્યો હતો.

# 'દિવાનીયત'માં સોનમ બનશે એન્ગ્રી વુમન

**હર્ષવર્ધન રાણેને 'સનમ તેરી કસમ'ની રી-રિલીઝ ખૂબ ફળી છે**

હર્ષવર્ધન રાણેને 'સનમ તેરી કસમ'ની રી-રિલીઝ ખૂબ ફળી છે. ડાયરેક્ટર મિલાપ ઝવેરીએ હર્ષવર્ધન રાણે સાથે નવી ફિલ્મ 'દિવાનીયત'નું શૂટિંગ શરૂ કર્યું છે. આ ફિલ્મમાં હર્ષવર્ધન સાથે લીડ રોલમાં સોનમ બાજવાને પસંદ કરાઈ છે. ફિલ્મનું મોશન પોસ્ટર રિલીઝ કરતી વખતે ટીમમાં સોનમના સમાવેશ અને તેના રોલ અંગે જાણકારી અપાઈ હતી. ફિલ્મમાં સોનમ બાજવાની ઓળખ એન્ગ્રી વુમન તરીકે આપવામાં આવી છે. પંજાબી ફિલ્મની જાણીતી એક્ટ્રેસ સોનમે સાઉથની ફિલ્મોમાં પણ કામ કરેલું છે. હિન્દીમાં તે અક્ષય કુમાર સાથે 'હાઉસફુલ ૫' અને 'બાગી ૪'માં જોવા મળશે. 'દિવાનીયત'ને ૨૦૨૫માં જ રિલીઝ કરવાનું આયોજન છે, પરંતુ હજુ રિલીઝ ડેટ નક્કી થઈ નથી. મિલાપ ઝવેરી અગાઉ 'મસ્તીઝાદે', 'સત્યમેવ જયતે' અને 'મરજાવાં' જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે. આગામી ફિલ્મનું પોસ્ટર શેર કરતાં ઝવેરીએ કહ્યું હતું કે, તેની સ્ટોરીમાં પેશન અને હાર્ટબ્રેક છે. હર્ષવર્ધન અને સોનમે આ પોસ્ટને રીશેર કરી હતી અને 'દિવાનીયત'ને ફાયર ઓફ લવ તરીકે ઓળખાવી હતી. પોસ્ટરમાં લોહીથી ખરડાયેલો પુરુષનો હાથ છે અને એક મહિલા તેને લાઈટરથી આગ લગાવી રહી છે. બેકગ્રાઉન્ડમાં એક અવાજ આવે છે, એન્ગ્રી વુમનના પ્રેમની ઝંખના નહીં રાખવા માટે તે આ પુરુષને કહે છે. તરત જ એક મહિલાનો અવાજ આવે છે, તેરા પ્યાર પ્યાર નહીં, તેરી ઝિદ હૈ. જિસે તુ પાર કર રહા હૈ વો હર હદ કી હદ હૈ. જલ જાઉંગી, મિટ જાઉંગી પર ખાતી હું મૈં કસમ. તેરે ઈશ્ક મૈં ઝુલ જાઉં મૈં નહીં વો સનમ. તેરે લિયે મેરે દિલ મૈં મોહબ્બત નહીં, નફરત હૈ. તુઝે તબાહ જો કર દેગી, વો મેરી દિવાનીયત હૈ. આ એક ડાયલોગ સાથે જ ફિલ્મની સ્ટોરીનો પણ અંદાજ આવી જાય છે. તેમાં લવ સ્ટોરીની સાથે એક્શન અને થ્રિલર પણ છે. ફિલ્મના મેકર્સે દમદાર મ્યૂઝિક સાથે અનોખી લવ સ્ટોરી લાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. ડાયરેક્ટર મિલાપ ઝવેરીએ હર્ષવર્ધન રાણે સાથે નવી ફિલ્મ 'દિવાનીયત'નું શૂટિંગ શરૂ કર્યું છે. આ ફિલ્મમાં હર્ષવર્ધન સાથે લીડ રોલમાં સોનમ બાજવાને પસંદ કરાઈ છે.



**'દિવાનીયત'ને ૨૦૨૫માં જ રિલીઝ કરવાનું આયોજન છે, પરંતુ હજુ રિલીઝ ડેટ નક્કી થઈ નથી**

# માધવમાલાની અંદાજિત ૫૦૦ વર્ષ જૂની વુડ કાર્વિંગની પરંપરાગત કળા આજે પણ જીવંત છે

## આંધ્રપ્રદેશના નાનકડા ગામમાં સદીઓ જૂની લાકડાની કલાકૃતિઓ વિશ્વભરના ખૂણાઓ સુધી પહોંચી છેઃ શિલ્પકાર પી. શ્યામભાઈ



। (માહિતી) ગાંધીનગર, તા.૧૫ ।

માધવમાલા આંધ્રપ્રદેશના સંયુક્ત મંડલમ જિલ્લામાં આવેલા યેર્પેડુ મંડળનું એક નાનું ગામ છે. આ ગામ તિરૂપતિ અને શ્રીકાલહસ્તીના જાણીતા શહેરો વચ્ચે આવેલું છે. તિરૂપતી નજીક મંડલમ જિલ્લાના નાનકડા માધવમાલા ગામના પરિવારો લાકડાના શિલ્પ કલાકૃતિના સદીઓ જૂના વારસાને આજે જીવંત રાખ્યો છે ત્યારે સુરતના અડાજણ સ્થિત સરસ મેળામાં આવેલા આંધ્રપ્રદેશના પી. શ્યામભાઈની વુડ કાર્વિંગની કલાકૃતિઓની ભારે માંગ રહેતા સરસ મેળાથી પ્રભાવિત થયા છે. શિલ્પકાર પી. શ્યામ જણાવે છે કે, અમારા નાનકડા ગામથી સદીઓ જૂની લાકડાની કલાકૃતિઓ વિશ્વભરના ખૂણાઓ સુધી પહોંચી છે. અન્ય કલાકાર માધવમાલાના શ્રીનિવાસજીએ કહ્યું હતું કે, માધવમાલાએ આંધ્રપ્રદેશના સંયુક્ત મંડલમ જિલ્લામાં આવેલું નાનું ગામ છે. આ ગામ તિરૂપતિ અને શ્રીકાલહસ્તીના જાણીતા આધ્યાત્મિક શહેરો વચ્ચે આવેલું છે. માધવમાલા ગામના અનેક પરિવારો લાકડાનાશિલ્પકલાકૃતિનાસદીઓજૂનાવારસામાંથી પોતાનું ઘર ગુજરાન ચલાવે છે. અંદાજિત ૫૦૦ વર્ષ જૂની વુડ કાર્વિંગની પરંપરાગત કળા શિલ્પકારોએ આજે પણ જીવંત રાખી છે. વધુમાં શ્રીનિવાસજીએ વુડ કાર્વિંગની કલા વિશે જણાવતા કહ્યું હતું કે, સ્થાનિક કારીગરો એક ફૂટથી લઈને ૨૦ ફૂટ સુધીના સખત લાલ સેન્ડર્સ લાકડાનો ઉપયોગ કરીને કલાકૃતિઓ તૈયાર કરે છે. લાકડાની એક હજારથી લઈને દોઢ, બે લાખથી વધુની કિંમતની અલગ-અલગ પૌરાણિક મૂર્તિઓ બનાવવામાં આવે છે. એક જ લાકડામાંથી ભગવાન ગણેશ, સુબ્રમણ્ય સ્વામી, ભગવાન શિવ, દેવી લક્ષ્મી દેવી, ભગવાન વિષ્ણુના દસ અવતાર, તિરૂપતિ બાલાજી સહિત ગૃહ સુશોભનમાં ટીપોય્સ, રાઉન્ડ ટેબલ, વોલ પેનલ્સ, સ્ટેચ્યુ તેમજ દેવી-દેવતાઓની શિલ્પો બનાવે છે. વુડ કાર્વિંગ માટે અત્યાર સુધી



કોઈ મશીન આવ્યું નથી. તેથી જૂની પરંપરા મુજબ ગામના શિલ્પકારો હાથ વડે અવનવી ડિઝાઈનની કૃતિઓ તૈયાર કરે છે. ગોઝ એક વક્ર બ્લેડ છે જે લાકડાના મોટા ભાગને સરળતાથી દૂર કરી શકે છે. કોતરણી અને ફિનિશિંગ પૂર્ણ થયા પછી, કલાકાર લાકડાને વિવિધ કુદરતી તેલ, જેમ કે અખરોટ અથવા અળસીનું તેલ, થી સીલ અને રંગ સાથે ગ્લોસ વાર્નિશ કરવામાં આવે છે. છીણીની મદદથી મજબૂત લાકડાનું કોતરકામ કરીને સુંદર મૂર્તિ તૈયાર કરવામાં આવે છે. વધુમાં તેઓ કહે છે કે, માધવમાલા ગામના લાકડાના શિલ્પ ોની લોકપ્રિયતા દેશ દેશાવર સુધી પહોચી છે. માધવમાલાના કારીગરોએ મંદિરના પ્રવેશદ્વારને શણગારવા માટે લાકડાની મોટી કોતરણી કરીને સુશોભન ટુકડાઓ ઉપર કરેલી કોતરણી ખૂબ જ લોકપ્રિય બની છે. સ્થાનિક કારીગરો દ્વારા બનાવેલા શિલ્પો વિશ્વના વિવિધ દેશોમાં નિકાસ કરીને વર્ષે દહાડે લાખ્ખોની આવક મેળવી રહ્યા છે. વધુમાં વુડ કાર્વિંગ કલા વિશે જણાવતા કહ્યું હતું કે, માધમમાલા ગામના કારીગરો જટિલ લાકડાના કારીગરીમાં નિષ્ણાત છે, દેવતાઓની મૂર્તિઓ, પૌરાણિક આકૃતિઓ, ઘરગથ્થુ વસ્તુઓ અને સુશોભન પેનલ જેવી વિવિધ વસ્તુઓ બનાવે છે. આ હસ્તકલા પ્રદેશના સાંસ્કૃતિક વારસામાં ઊંડે સુધી મૂળ ધરાવે છે, જેમાં ડિઝાઈન ઘણીવાર પરંપરાગત વાર્તાઓ, મંદિર સ્થાપત્ય અને પ્રકૃતિથી પ્રેરિત હોય છે એમ તેમણે ઉમેર્યું હતું.

# જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

। (માહિતી) સુરત, તા.૧૫ ।

સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષતામાં મળી હતી. જિલ્લા કલેકટર કચેરીમાં મળેલી બેઠકમાં જનપ્રતિનિધિશ્રીઓ દ્વારા કરવામાં આવેલી રજુઆતોનો સમયમર્યાદામાં નિકાલ કરવા કલેકટરશ્રીએ સંબધિત અધિકારીઓને સુચના આપી હતી. બેઠકમાં ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલે ઉધના મતવિસ્તારમાં પસાર થતી બે હાઈટેન્શન લાઈનનો અંડર ગ્રાઉન્ડ કરવાની રજુઆત સંદર્ભે જેટકોના અધિકારીએ ભેસ્તાનથી ગોવાલક જતી લાઈનને અંડર ગ્રાઉન્ડ કરવાની મજુરી મળી ચુકી છે જેનું કામ આગામી સમયમાં શરૂ કરવામાં આવનાર હોવાની વિગતો આપી હતી. આ ઉપરાંત તેમણે પ્રોપર્ટી કાર્ડની કામગીરી ઝડપી કરવાની રજુઆત કરી હતી. તેમણે ઉધના વિસ્તારના ગુ.હા.બોર્ડ દ્વારા અર્બન સોસાયટીના આવાસો ૨૫ વર્ષથી જુના હોય જેથી અત્યંત જર્જરીત થઈ ચુકયા છે જેથી ધણા પરિવારો જીવના જોખમે અંદર રહે છે જેથી આવાસોને રી-ડેવલોપમેન્ટ કરવા અંગેની રજુઆત કરી હતી. તેમણે પાંડેસરા જી.આઈ.ડી.સી. મિલોમાં કોલસીના ઉપયોગના કારણે આસપાસની રહેણાંક વિસ્તારોમાં કોલીસીની રજ ઉડવાથી લોકોના સ્વાસ્થ્ય પર અસર થઈ રહી હોય જે રજુઆત સંદર્ભે કલેકટરશ્રીએ સ્થળ મુલાકાત લઈને યોગ્ય કાર્યવાહી કરવા જી.પી.સી.બી.ના અધિકારીને જણાવ્યું હતું. ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે જોળવા પાટીયા પાસે ભરાતા મંગળવારી બજારના કારણે લોકો જોળવા ગામમાં આવતા રસ્તાઓ તથા હાઈવે પર પાર્કિંગ કરે છે જેનાથી ખૂબ ટ્રાફીક જામ થાય છે. જેથી યોગ્ય કરવાની રજુઆત સંદર્ભે કલેકટરશ્રીએ પોલીસ વિભાગને કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

# આણંદ ખાતે જિલ્લા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

## હીટ વેવ દરમિયાન બપોરના સમયે લાઇટ ન જાય તેની તકેદારી રાખવા અનુરોધ કરતા જિલ્લા કલેક્ટરશ્રી



। (માહિતી) આણંદ, તા.૧૫ ।

જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને સર્કિટ હાઉસ, આણંદ ખાતે જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત સંકલન સમિતિના અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીએ જિલ્લાની તમામ કચેરીઓના અધિકારીઓએ પરસ્પરનાં સંકલનમાં રહીને પ્રજાલક્ષી કાર્ય ઝડપથી કરવા અનુરોધ કર્યો હતો તથા જનપ્રતિનિધિશ્રીઓ દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નો માટે કરેલ રજૂઆતનો પણ તુરંત જ પ્રતિસાદ આપવા અને હકારાત્મક ઉકેલ લાવવા જિલ્લા કલેકટરશ્રીએ અધિકારીઓને જણાવ્યુ હતું. કલેકટરશ્રીએ એમજીવીસીએલના અધિકારીઓને હિટવેવ દરમિયાન બપોરના સમયે લાઈટ ન જાય તેની તકેદારી રાખવા જણાવ્યું હતું.

બેઠકમાં ઉપસ્થિત સંસદ સભ્ય શ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, ધારાસભ્યશ્રીઓ દ્વારા પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, સંસદ સભ્યશ્રી મિતેષભાઈ પટેલ, ધારાસભ્યો સવશ્રી યોગેશભાઈ પટેલ, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઈ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી સુ.શ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ જસાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.વી. દેસાઈ, પેટલાદના મદદનીશ કલેકટર શ્રી હિરેનભાઈ બારોટ સહિત સંકલન સમિતિના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સુરત જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા માટે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારઘી તથા જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલના હસ્તે ખેડૂતોને ટેન્ટ એનાયત કરાયા



। (માહિતી) સુરત, તા.૧૫ ।

ખેડૂતો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોની ગુણવત્તા જળવાઈ રહે તેમજ ખેત પેદાશોના વેચાણ દરમિયાન ખેડૂતોને અનુકૂળ માહોલ મળે તે માટે સુરત જિલ્લા પંચાયત દ્વારા ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષ દરમિયાન ૧૦ કેન્દ્રો માટે ૨૫ પોર્ટેબલ ટેન્ટની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. જેના ભાગરૂપે આજરોજ જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલના હસ્તે પોર્ટેબલ ટેન્ટને ખેડુતોને અર્પણ કરાયા હતા. આ ટેન્ટની જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલ, ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, ઈશ્વરભાઈ પરમાર, અરવિંદ રાણાએ પણ મુલાકાત લઈને ખેડુતોને પ્રોત્સાહિત કર્યા હતા. આ ટેન્ટોની મદદથી ખેડુતો તાલુકા કક્ષાએ સ્વરાજ આશ્રમ (બારડોલી), બસ સ્ટેન્ડ રોડ (માંડવી) અને શાકભાજી માર્કેટ (પલસાણા) ખાતે સ્થાપિત કરવામાં આવશે. ખેડૂતો માટે મજબૂત વેચાણ વ્યવસ્થા અને પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહનઃ આ પોર્ટેબલ ટેન્ટ ખેડૂતો માટે એક મજબૂત વેચાણ વ્યવસ્થા પૂરી પાડે છે, જેથી તેઓ સરળતાથી પોતાનું ઉત્પાદન વેચી શકે અને વધુ ગ્રાહકો સુધી પહોંચી શકશે. આ માટે સુરત જિલ્લાની વિવિધ જગ્યાઓ પર પોર્ટેબલ ટેન્ટ મુકવામાં આવ્યા છે, જ્યાં ખેડૂતો પોતાની ખેતપેદાશોનું વેચાણ કરી શકશે. જેના થકી પ્રાકૃતિક ખેતીને વધુ પ્રોત્સાહન મળશે અને ખેડૂતો વધુ સંખ્યામાં રાસાયણિક મુક્ત ખેતી તરફ પ્રેરિત થશે. ભવિષ્યમાં પણ આવા આયોજનથી પ્રાકૃતિક ખેતીના વિકાસને વધુ ગતિ મળશે અને હકારાત્મક પરિણામો મળશે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષથી રાજ્યપાલ અને મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

# નર્મદા જિલ્લા સંકલન (વ) ફરિયાદ નિવારણ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. મોદીની અધ્યક્ષતામાં મળી

## લોક હિતના પ્રશ્નોનું નિયમસર અને સમયસર કામ કરવા સાથે એકમેકના સંકલનમાં રહીને કામ કરવા અધિકારીઓને માર્ગદર્શન પુરું પાડતા જિલ્લા કલેક્ટરશ્રી



। (માહિતી) નર્મદા, તા.૧૫ ।

નર્મદા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે દર મહિનાના ત્રીજા શનિવારે યોજાતી સંકલન (વ) ફરિયાદ નિવારણ સમિતિની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારી અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખે ઉપસ્થિત રહી રાજપીપલા નગર પાલિકા સહિત પોતાના મતવિસ્તારના પ્રજાના પ્રશ્નોની આ બેઠકમાં રૂબરૂ પરામર્શ અને નિરાકરણ માટે ચર્ચા કરી હતી. આ બેઠકમાં નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખે રાજપીપલા નગર પાલિકા વિસ્તારના પ્રશ્નો, કારમાઈકલ બ્રિજના સમરકામ કરતી એજન્સી, રાજપીપલા-રામગઢને જોડતા બ્રિજમાં થયેલી ક્ષતિ બાદ તેના દુરસ્તી કરણના પ્રશ્નો, નર્મદા જિલ્લામાં કાર્યરત ખાનગી નર્સિંગ કોલેજોની કાયદેસરતા અંગેના વેરિફિકેશન, સિવિલ હોસ્પિટલમાં પ્રસુતા મહિલાના મૃત્યુ પાછળના જવાબદાર કારણો અને ભવિષ્યમાં તે બાબતોનું પુનરાવર્તન ન થાય તે માટે પુરતી તકેદારી રાખવી તેમજ નગર પાલિકા વિસ્તારમાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામ અંગેના પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. મોદીએ જિલ્લાના અમલીકરણ અધિકારીઓને જનપ્રતિનિધિ અને પ્રજા દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોને પ્રાધાન્ય આપી તેનો ઉકેલ લાવવા તેમજ જનપ્રતિનિધિઓના પરામર્શમાં રહીને યોગ્ય જવાબ મળે, તેમના સૂચનોને ધ્યાને લેવા જણાવ્યું હતું. વિકાસના કામો નિયમ ગાઈડલાઈન મુજબ, સમયસર અને એકબીજા વિભાગોના સંકલનમાં રહીને પ્રજાના પ્રશ્નોને ઝડપી વાચા આપી જન સુખાકારીના કામો કરવા અનુરોધ કર્યો હતો. ધારાસભ્યશ્રીએ વિવિધ સરકારી કચેરીઓમાં કરેલી લેખિત રજૂઆત તેમજ પ્રશ્નોની પ્રાથમિકતાના ધોરણે સંતોષકારક જવાબ સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા સમય મર્યાદામાં આપી પૂર્તતા કરવામાં આવે તે બાબત ઉપર કલેક્ટરશ્રીએ ખાસ ભાર પૂર્વક જણાવ્યું હતું. જિલ્લા સંકલન ભાગ-૨ની બેઠકમાં જિલ્લા અમલીકરણના વિવિધ વિભાગોને ઈ-સરકાર મારફત જ પત્રવ્યવહાર કરવા ઉપર ખાસ ભાર મૂક્યો હતો. જિલ્લાના વિવિધ વિભાગોને પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલ પર રોજે રોજ થતી કામગીરીનો સાપ્તાહિક અહેવાલ પ્રસ્તુત કરવા જણાવ્યું હતું. સંકલનની બેઠક બાદ રોડ સેફ્ટી અંગેની યોજાયેલી બેઠકમાં રાજપીપલાની નવદુર્ગા હાઈસ્કૂલ, વિશ્વેશ્વર મહાદેવ રોડ ખાતે ગતિરોધક મૂકવા અને દેવલિયા ચોકડી તેમજ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર વિવિધ સ્થળોએ પડેલા ખાડાનું દુરસ્તીકરણ કરવા અંગે ચર્ચા થઈ હતી. બાદમાં કાયદો અને વ્યવસ્થા, હિટ એન્ડ રનના કિસ્સામાં પડતર કેસોની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, નાયબ વન સંરક્ષકશ્રી નિરજકુમાર તેમજ અજ્ઞેશ્વર વ્યાસ, પ્રાયોજના વહિવટદાર સુશ્રી અંચુ વિલ્સન, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે.ઉંધાડ, પ્રાંત અધિકારી સવશ્રીઓ, નાયબ કલેક્ટરશ્રીઓ, જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ, જનપ્રતિનિધિઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના અધ્યક્ષતામાં ડીસ્ટ્રીક્ટ હીટ એક્શન ટાસ્ક ફોર્સની બેઠક મળી

## સભંવિત હીટવેવ સંબધિત પૂર્વ તૈયારી કરવા જિલ્લા કલેક્ટરનો અનુરોધ



। (માહિતી) સુરત, તા.૧૫ ।

ભારતીય હવામાન વિભાગ દ્વારા હીટવેવ સંદર્ભે આપવામાં આવેલી આગાહીઓને ધ્યાને લઈને સંભવિત હીટવેવની ઋતુ માટે તૈયારીઓ અર્થે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષતામાં સુરત ડીસ્ટ્રીકટ હીટ એકશન ટાસ્ક ફોર્સની બેઠક મળી હતી. જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં મળેલી બેઠકમાં જિલ્લા કલેકટરના વડપણ હેઠળ ડિસ્ટ્રીકટ હીટ એકશન ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી. જેમાં ૪૧ થી વધુ વિભાગના અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે. ઉનાળાની ઋતુમાં હીટવેવ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના તમામ પગલાઓ લેવા કલેકટરશ્રીએ સંબધિત વિભાગોના અધિકારીઓને જણાવ્યું હતું. તેમણે સરકારી કચેરીઓમાં પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ શ્રમ અધિકારીઓને હીટવેવ સમયે ચાલુ કન્ટ્રકશન સાઈટ પર શ્રમિકોને હિટ સ્ટ્રોકથી બચવા માટે ટેમ્પરરી શેલ્ટર, પીવાના પાણીની વ્યવસ્થા, આઈસ પેક, આરોગ્ય વિષયક કીટ માટે પુરતી તકેદારી લેવાય તે અંગેનું આયોજન કરવા જણાવ્યું હતું. આરોગ્ય વિભાગના અધિકારીરોએ હીટવેવ સબંધિત બીમારીઓ અટકાવવા અંગેનો એકશન પ્લાન ઘડી કાઢવા તેમજ પબ્લિક હેલ્થ એડવાઈઝરી પ્રસિધ્ધ કરવા તથા ફુડ પોઈઝનીંગ બાબતે તકેદારી રાખવા જણાવ્યું હતું. હિટવેવના સંજોગોમાં જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જરૂરી જણાયે શાળાઓના સમયમાં ફેરફાર કરવાની સુચના આપી હતી. આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રો પર બાળકોના આરોગ્યને ધ્યાને રાખવા બાબતે તકેદારી લેવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેનારાઓએ મગજ શાંત રાખવું.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે અને તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્લ તમે નસીબદાર છો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારી પૂર્વક ચકાસજો. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો.તમારા મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવામાં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો.

**સિંહ (મ,ટ) :**

આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણમાં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો.

**તુલા (ર,ત) :**

આજે સાંજે થોડીક હળવાશ માણો. આજે તમે સારૂં એવું ધન કમાશે પરંતુ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે. તમારા માતા-પિતાને ખુશ રાખવા માટે આ બંને વચ્ચે સંતુલન જાળવો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે એવો દિવસ છે જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે તમને પરત મળશે. તમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. તમારી હિંમત પ્રેમ અપાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો-આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે ઉત્તમ દિવસ છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારા બાળકનો દેખાવ તમને ખુબજ આનંદ આપશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. કેટલાક માટે નવો રોમાન્સ ચોક્કસ જણાય છે-તમારો પ્રેમ તમારા જીવનને ખીલવશે. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે.

## ન્યુઝ બોક્ષ

### સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરની થશે ઘરવાપસી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫ ।

ભારતીય મૂળના અમેરિકન અંતરિક્ષ યાત્રી સુનીતા વિલિયમ્સ ધરતી પર સુરક્ષિત ફરશે. તેમની સાથે બુચ વિલ્મોર પણ ૯ મહિના પછી પરત ફરશે. બંનેને પરત લાવવા માટે અમેરિકાનું અંતરિક્ષ યાન આજે સવારે રવાના થયું હતું. આ પહેલા એક નિવેદનમાં અમેરિકાની અંતરિક્ષ એજન્સીએ કહ્યું કે, બંને અંતરિક્ષ યાત્રી ૧૯ માર્ચ પહલા આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનથી રવાના થશે. નાસા સ્પેસએક્સ ૧૦ ને અમેરિકાના સમય પ્રમાણે ૧૪ માર્ચ સાંજે ૭.૦૩ કલાકે લોન્ચ કરવામાં આવ્યું હતું. સપ્તાહની શરૂઆતમાં જ તેને લોન્ચ કરવાનું હતું પરંતુ ટેકનિકલ સમસ્યા અને તે બાદ લોન્ચ એરિયામાં ભારે પવનના કારણે મિશન લોન્ચ કરવામાં વિલંબ થયો હતો. ક્રૂ ડ્રેગન કેપ્સૂલને લઈ જનારા સ્પેસએક્સ ફાલ્કન ૯ રોકેટે શનિવાર ૧૫ માર્ચે ઉડાન ભરી હતી. આ મિશન નાસાના કમર્શિયલ ક્રૂ પ્રોગ્રામનો હિસ્સો છે અને ચાર અંતરિક્ષ મુસાફરોને લઈ જશે. તેમાં નાસાની એની મેક્ક્લેન અને નિકોલ એયર્સ, તાકુયા ઓનિસી અને ફિરિલ પેસકોવનો સમાવેશ થાય છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યભાર સંભાળ્યા બાદ ઈલોન મસ્કે બંને એસ્ટ્રોનોટ્સને ધરતી પર લાવવાની જવાબદારી સોંપી હતી.

### ટેક્સાસના ઓસ્ટિનમાં ભયાનક માર્ગ અકસ્માત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

અમેરિકાના ટેક્સાસના ઓસ્ટિનમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. મોડી રાત્રે થયેલા આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે અને ૧૧ લોકો ઘાયલ થયા છે. ઘટનાસ્થળેથી પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા, જેમાં એક પુરુષ, એક બાળક અને એક શિશુનો સમાવેશ થાય છે. અન્ય ૧૧ લોકોને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.અમેરિકાના ટેક્સાસના ઓસ્ટિનમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. મોડી રાત્રે થયેલા આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે અને ૧૧ લોકો ઘાયલ થયા છે. સીબીએસ ન્યૂઝના અહેવાલ મુજબ રસ્તા પર એક પછી એક ઘણા વાહનો અથડાયા હતા, જેના કારણે આ માર્ગ અકસ્માત થયો હતો. અહેવાલ મુજબ સ્થાનિક સમય અનુસાર ગુરુવારે રાત્રે લગભગ ૧૧ વાગ્યે I-35ના ૧૩૧૦૦ બ્લોકની દક્ષિણ તરફની લેનમાં હોવર્ડ લેન અને પરમર લેન વચ્ચે આ અકસ્માત થયો હતો, જ્યારે ૧૭ વાહનો એકબીજા સાથે અથડાયા હતા. ઓસ્ટિન પોલીસે અકસ્માતની માહિતી આપતા જણાવ્યું કે આ અકસ્માતમાં ૧૭ વાહનો સામેલ હતા, જેમાં એક સેમી-ટ્રક પણ સામેલ હતી. અધિકારીઓના શરૂઆતના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ઘણા લોકો તેમના વાહનો સાથે ચોંટી ગયા હતા અને એવું લાગતું હતું.

### બંગાળમાં પૂરપાટ દોડતી કારે એક પછી એક 3 ઈ-રીક્ષા ફંગોળી નાખી



। (એજન્સી) નાદિયા, તા.૧૫ ।

પ.બંગાળના નાદિયા જિલ્લામાં એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ મહિલાઓ અને એક બાળક સહિત કુલ ૭ લોકોએ જીવ ગુમાવ્યા અને ૮ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. માહિતી અનુસાર પૂરપાટ દોડતી એસયુવી કારે એક પછી એક ત્રણ ઈ રીક્ષાને ફંગોળી નાખતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પોલીસ અને સ્થાનિકોના અહેવાલ અનુસાર એસયુવી ચાલક રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે કાર હંકારીને આવી રહ્યો હતો જેના કારણે તેની લપેટમાં ત્રણ ઈ રીક્ષા આવી ગયા હતા જેમાં પેસેન્જર પણ સવાર હતા. જેના કારણે મોટી કરુણાંતિકા સર્જી અને સાત લોકો ઘટનાસ્થળે મૃત્યુ પામી ગયા હતા જ્યારે આઠ અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાંથી બેની હાલત હજુ ગંભીર છે એટલા માટે મૃત્યુઆંક પણ વધી શકે છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને ઘાયલોને તાત્કાલિક ધોરણે સ્થાનિકોની મદદથી નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલમાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી દીધી છે.

### ટ્રમ્પે ધનિકો માટે પાંચ મિલિયન ડોલરનું 'ગોલ્ડ કાર્ડ' સૂચવ્યું, તો વેન્સે ગ્રીન કાર્ડને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડ્યું

# ગ્રીન કાર્ડ હશે તો પણ અમેરિકા છોડવું પડશે, ગ્રીન કાર્ડ કાયમી નથી?

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દેશમાં 'ગોલ્ડ કાર્ડ' પહેલનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યા બાદ ગ્રીન કાર્ડને લઈને નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ગ્રીન કાર્ડ ધારકોના અધિકારો પર ટિપ્પણી કરતાં ભારતીયોમાં ટેન્શન વધી ગયું છે. ટ્રમ્પની આ યોજના હેઠળ ૫ મિલિયન ડોલરના ખર્ચે વિદેશી ધનિકોને આ કાર્ડ આપવામાં આવશે, જે ઈમિગ્રેશનની એક નવી રીત ખોલશે.ટ્રમ્પની આ પહેલ બાદ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે જણાવ્યું હતું કે ગ્રીન કાર્ડ ધારક



હોવાનો અર્થ એ નથી કે વ્યક્તિને યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવાનો અનિશ્ચિત અધિકાર મળી જાય છે. તેમણે કહ્યું કે, "આ માત્ર અભિવ્યક્તિની સ્વતંત્રતાનો મુદ્દો નથી, પરંતુ આ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો છે." વેન્સે વધુમાં કહ્યું કે, "અમેરિકી નાગરિક તરીકે આપણે નક્કી કરવાનું છે કે આપણા રાષ્ટ્રીય સમુદાયમાં કોનો સમાવેશ થાય છે." તેમના આ નિવેદનથી અમેરિકામાં કાયમી નિવાસની ઈચ્છા રાખતા અને ગ્રીન કાર્ડ ધરાવતા ભારતીયોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.વેન્સે યુનાઈટેડ સ્ટેટ્સના કાયદામાં ઉલ્લેખિત અમુક સંજોગોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ગ્રીન કાર્ડ રદ થઈ શકે છે. આમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ થવું, લાંબા સમય સુધી દેશમાં હાજર ન રહેવું અને ઈમિગ્રેશનના નિયમોનું યોગ્ય પાલન ન કરવું જેવી બાબતોનો સમાવેશ થાય છે. તેમના આ નિવેદનથી ગ્રીન કાર્ડની કાયમી રહેઠાણની સ્થિતિ અંગે અનિશ્ચિતતા વધી છે.દરમિયાન, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રસ્તાવિત 'ગોલ્ડ કાર્ડ' પહેલ વિદેશી નાગરિકો માટે અમેરિકામાં રહેવા અને કામ કરવાનો માર્ગ ખોલશે, પરંતુ તેના માટે તેમણે ૫ મિલિયન ડોલરની મોટી રકમ ચૂકવવી પડશે. ટ્રમ્પે તાજેતરમાં ઓવલ ઓફિસમાં કહ્યું હતું કે તેઓ 'ગોલ્ડ કાર્ડ' વેચવા જઈ રહ્યા છે. તેમણે આ કાર્ડને ગ્રીન કાર્ડનો જ એક પ્રકાર ગણાવ્યો હતો.

### ઈજાગ્રસ્ત હાલતમાં શિમલા રિફર કરાયા

# હિમાચલપ્રદેશમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા પર ૧૨ રાઉન્ડ ફાયરિંગ કરાયું

**૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રેલ્વે બાંધકામ કંપનીની ઓફિસની બહાર પૂર્વ ધારાસભ્ય બમ્બર ઠાકુર પર પણ હુમલો થયો હતો**

। (એજન્સી) બિલાસપુર, તા.૧૫ ।

હિમાચલપ્રદેશના બિલાસપુરમાં કેટલાક અજાણ્યા લોકોએ કોંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય બમ્બર ઠાકુર પર ગોળીબાર કર્યો. આ ઘટના ત્યારે બની જ્યારે તે બિલાસપુર સ્થિત પોતાના નિવાસસ્થાને હાજર હતો. બામ્બર ઠાકુરને સારવાર માટે IGMC શિમલા લાવવામાં આવ્યા છે. બિલાસપુરમાં કેટલાક અજાણ્યા લોકોએ કોંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય બમ્બર ઠાકુર પર ગોળીબાર કર્યો. આ ઘટના ત્યારે બની જ્યારે તે બિલાસપુર સ્થિત પોતાના નિવાસસ્થાને હાજર હતો. આ દરમિયાન કેટલાક અજાણ્યા લોકો ત્યાં આવ્યા અને તેમના પર બંદૂકોથી ગોળીબાર કર્યો. ગોળી વાગવાથી પૂર્વ ધારાસભ્ય અને તેમના પીએસઓ ઘાયલ થયા હતા. બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પીએસઓની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, જ્યારે ભૂતપૂર્વ ધારાસભ્યને આઈજીએમસી શિમલા રિફર કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ગોળી વાગ્યા બાદ, બામ્બરને પહેલા સલામત સ્થળે લઈ જવામાં આવ્યો હતો, બાદમાં બામ્બરને પણ જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. હવે બામ્બર ઠાકુરને IGMC શિમલા રિફર કરવામાં આવ્યા છે, કારણ કે બામ્બર ઠાકુરે કહ્યું હતું કે તેમને AIIMS રિફર ન કરીને IGMC અથવા PGI રિફર કરવા જોઈએ. બામ્બર ઠાકુરને પગમાં ગોળી વાગી છે. ડેપ્યુટી કમિશનર આબિદ હુસૈન સાદિક જિલ્લા હોસ્પિટલ પહોંચી ગયા છે. દરમિયાન, પીએસઓને એઈમ્સ બિલાસપુર રિફર કરવામાં આવ્યા છે. પીએસઓની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. કહેવામાં આવી રહ્યું છે કે લગભગ ૧૨ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો.એસપી સંદીપ ધવલે પોતે પરિસ્થિતિનો હવાલો સંભાળ્યો. પોલીસે ટીમો બનાવી છે અને આરોપીઓની શોધખોળ કરી રહી છે. સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવી રહ્યા છે. આ હુમલો બમ્બર ઠાકુરની ૫ ત્નીના સરકારી નિવાસસ્થાન પર થયો છે. બામ્બર ઠાકુરે કાર પાછળ છુપાઈને પોતાનો જીવ બચાવ્યો. બમ્બર ઠાકુરને બચાવતી વખતે પીએસઓને બે ગોળી વાગી. આ બાબતે મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ કહ્યું, "મેં બામ્બર ઠાકુર સાથે વાત કરી છે. મેં તેને AIIMS જવા કહ્યું, પણ જો તે IGMC આવવા માંગે છે તો તે તેનો અંગત અભિપ્રાય છે. મેં ડેપ્યુટી કમિશનરને ફરજ સોંપી છે કે તેઓ તેમને જ્યાં જવા માંગે ત્યાં લઈ જાય. મેં સૂચના આપી છે કે જેણે પણ આ ગુનો કર્યો છે તેને બધા રસ્તા બંધ કરીને પકડી લેવામાં આવે."

૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રેલ્વે લાઇન બાંધકામ કંપનીની ઓફિસની બહાર પૂર્વ ધારાસભ્ય બમ્બર ઠાકુર પર પણ હુમલો થયો હતો. આ સમય દરમિયાન, ૧૧ આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો હતો. આ હુમલા બાદ ૨૦ જૂન ૨૦૨૪ ના રોજ બમ્બર ઠાકુર પરના હુમલાના મુખ્ય આરોપીને કોર્ટ પરિસરની બહાર ગોળી મારી દેવામાં આવી.

# ઝારખંડમાં હોળીની શોભાયાત્રા દરમિયાન બે સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી

**હોળીના તહેવાર પર કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ ન બને તે માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં પોલીસ સંપૂર્ણપણે સતર્ક જોવા મળી**

। (એજન્સી) ઝારખંડ, તા.૧૫ ।

ઝારખંડના ગિરિડીહ જિલ્લામાં શુક્રવારે હોળીના શોભાયાત્રા દરમિયાન ભારે હોબાળો થયો હતો. અહેવાલો અનુસાર, ગિરિડીહમાં બે સમુદાયો વચ્ચે થયેલી અથડામણમાં ઘણા લોકો ઘાયલ થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તોફાનીઓએ કથિત રીતે એકબીજા પર પથ્થરમારો કર્યો હતો અને ઘણી દુકાનો અને વાહનોને આગ પણ લગાવી હતી. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બદમાશોને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે અને પરિસ્થિતિ નિયંત્રણમાં છે.અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટના ઘોડાથંબામાં બની હતી જ્યારે એક સમુદાયે હોળીના શોભાયાત્રાનો આ વિસ્તારમાંથી પસાર થવા સામે વાંધો ઉઠાવ્યો હતો, જેના પગલે અથડામણ થઈ હતી અને બંને પક્ષોએ એકબીજા પર પથ્થરમારો કર્યો હતો. પોલીસનું કહેવું છે કે તેઓ બદમાશોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ખોરીમહુઆના એસડીપીઓ રાજેન્દ્ર પ્રસાદે જણાવ્યું હતું કે, 'વિસ્તારમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે મોટી સંખ્યામાં






પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે.' પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને તેના પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. હોળીના તહેવાર પર કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ ન બને તે માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં પોલીસ સંપૂર્ણપણે સતર્ક જોવા મળી હતી. રાજધાની રાંચીની વાત કરીએ તો, દરેક ચોક પર પોલીસકર્મીઓ સંપૂર્ણ સતર્કતા સાથે તેમની ફરજ પર તૈનાત જોવા મળ્યા. રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ પોલીસે કોઈપણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા માટે કડક વ્યવસ્થા કરી હતી. ઝારખંડમાં હોળીના તહેવાર પર છૂટાછવાયા બનાવો સિવાય કોઈ અનિચ્છનીય ઘટનાના સમાચાર નથી. રાજ્યભરમાં લોકોએ આ તહેવાર ખૂબ જ આનંદથી ઉજવ્યો.




નવી દિલ્હીમાં 'વિકસિત દિલ્હી બજેટ' અંગે ખેડૂત સંગઠનો સાથે વાતચીત કરવા પહોંચેલી દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાનું સન્માન કરવામાં આવ્યું.

### બાબા વેંગાની ભવિષ્યવાણી

# ૨૦૪૩ સુધીમાં ૪૪ દેશોમાં ઇસ્લામિક શાસન હશે

**બલ્ગેરિયન ભવિષ્યવેત્તાની આગાહીથી વિશ્વભરમાં ચર્ચા, બીજા વિશ્વયુદ્ધ અને ૯/૧૧ જેવી ઘટનાઓની પણ કરી હતી આગાહી**

। નવી દિલ્હી, તા.૧૫ ।

વિશ્વભરમાં પોતાની અદ્ભુત ભવિષ્યવાણીઓ માટે જાણીતી બલ્ગેરિયન મહિલા ભવિષ્યવેત્તા બાબા વેંગાએ ફરી એકવાર વિશ્વના રાજકીય અને સામાજિક પરિદૃશ્યને લઈને એક મોટી આગાહી કરી છે. બાબા વેંગાના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૪૩ સુધીમાં યુરોપ ખંડના ૪૪ દેશો ઈસ્લામિક શાસન હેઠળ આવી જશે. આ ભવિષ્યવાણીએ સમગ્ર વિશ્વમાં ભારે ચર્ચા જગાવી છે, ખાસ કરીને યુરોપમાં તેની સંભવિત અસરોને લઈને લોકોમાં ઉત્સુકતા અને ચિંતા જોવા મળી રહી છે.બાબા વેંગા, જેનું સાચું નામ વાંગેલિયા પાંડેવા ગુશ્તેરોવા હતું, એક એવી ભવિષ્યવેત્તા તરીકે જાણીતા છે જેમણે તેમના જીવનકાળ દરમિયાન અને ત્યારબાદ પણ વિશ્વની અનેક મહત્વપૂર્ણ ઘટનાઓ વિશે સચોટ આગાહીઓ કરી હતી. તેમની આગાહીઓમાં બીજા વિશ્વયુદ્ધની ભયાનકતાનો ઉલ્લેખ પણ સામેલ છે, જે ૧૯૩૯ થી ૧૯૪૫ સુધી ચાલ્યું હતું અને લાખો લોકોના જીવ લીધા હતા. આ યુદ્ધે વિશ્વના રાજકીય નકશાને સંપૂર્ણપણે બદલી નાખ્યો હતો.

વધુમાં, બાબા વેંગાએ ૧૯૯૧માં સોવિયત સંઘના વિઘટનની પણ આગાહી કરી હતી, જે એક ઐતિહાસિક ઘટના હતી અને શીત યુદ્ધના અંતનું પ્રતીક બની હતી. તેમની આગાહી મુજબ, આ વિશાળ સામ્રાજ્ય અનેક સ્વતંત્ર રાષ્ટ્રોમાં વિભાજિત થઈ ગયું, જેણે પૂર્વીય યુરોપ માં રાજકીય અને સામાજિક પરિવર્તનનો એક નવો યુગ શરૂ કર્યો.૧૯૮૬માં યુક્રેનમાં થયેલી ચેર્નોબિલ દુર્ઘટના પહેલાં પણ બાબા વેંગાએ એક મોટી પરમાણુ આપત્તિની ચેતવણી આપી હતી.

# અમેરિકાએ વિઝા રદ કર્યા તો ભારતીય વિદ્યાર્થિની જાતે જ ડિપોર્ટ થઈ

**ભારતીય નાગરિક અને કોલંબિયા યુનિવર્સિટીમાં શહેરી આયોજનમાં ડોક્ટરલ વિદ્યાર્થિની રંજની શ્રીનિવાસન, F-1 સ્ટૂડન્ટ વિઝા પર અમેરિકા ગઈ હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

અમેરિકન ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) એ જાહેરાત કરી છે કે કોલંબિયા યુનિવર્સિટીના એક ભારતીય ડોક્ટરલ વિદ્યાર્થિનીએ CBP હોમ એપનો ઉપયોગ કરીને જાતે જ ડિપોર્ટ થઈ છે. તેમના વિઝા રદ કરવામાં આવ્યા હતા કારણ કે તે હમાસને સમર્થન આપતી હતી. ભારતીય નાગરિક અને કોલંબિયા યુનિવર્સિટીમાં શહેરી આયોજનમાં ડોક્ટરલ વિદ્યાર્થિની રંજની શ્રીનિવાસન, F-1 સ્ટૂડન્ટ વિઝા પર અમેરિકા ગઈ હતી. પાંચની માર્ચ ૨૦૨૫ના રોજ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે રંજન શ્રીનિવાસનના વિઝા રદ કર્યા હાતા. ત્યારબાદ તેણે ૧૧મી માર્ચ ૨૦૨૫ના રોજ CBP હોમ એપનો ઉપયોગ કરીને જાતે જ ડિપોર્ટ થઈ ગઈ હતી અને તેનો વીડિયો પણ બનાવ્યો હતો.અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમે દેશનિકાલ પર કહ્યું કે, 'યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા અને અભ્યાસ કરવા માટે વિઝા મેળવવો એ એક વિશેષાધિકાર છે. જ્યારે તમે હિંસા અને આતંકવાદની હિમાયત કરો છો, ત્યારે તે વિશેષાધિકાર રદ કરવો જોઈએ અને તમારે આ દેશમાં રહેવું જોઈએ નહીં. કોલંબિયા



યુનિવર્સિટીના આતંકવાદ સમર્થકોમાંથી એકને જાતે જ ડિપોર્ટ માટે CBP હોમ એપ્લિકેશનનો ઉપયોગ કરતા જોઈને મને આનંદ થયો.' બીજી એક ઘટના પણ ચર્ચામાં છે. વેસ્ટ બેન્કની અન્ય એક પેલેસ્ટિનિયન વિદ્યાર્થિની લેકા કોર્ડિયા, નેવાર્કના અધિકારીઓ દ્વારા તેના F-1 સ્ટૂડન્ટ વિઝાની મુદત પૂરી થયા પછી પણ ત્યાં રહેવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. હાજરીના અભાવે તેમના વિઝા ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ સમાપ્ત થઈ ગયા હતા.

### પાડોશીએ જ ધરબી દીધી ગોળી

# હરિયાણાનાં સોનીપતમાં ભાજપ નેતાની હત્યા કરવામાં આવી

। (એજન્સી) હરિયાણા, તા.૧૫ ।

હરિયાણાના સોનીપતમાં ભાજપના નેતાની તેમના પાડોશીએ ગોળી મારીને હત્યા કરી દીધી. જમીનના વિવાદને કારણે આ હત્યા કરવામાં આવી હોવાનું કહેવાય છે. માહિતી મળતાં પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને કેસની તપાસ શરૂ કરી હતી. મળતી માહિતી મુજબ, મૃતક ભાજપ નેતાની ઓળખ મુંડલાણા મંડળના પ્રમુખ સુરેન્દ્ર જવાહરા તરીકે થઈ છે. ગામમાં રાત્રે ૯:૩૦ વાગ્યે હત્યા કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે ભાજપના નેતાએ તેમના પાડોશીની કાકીની જમીન ખરીદી હતી. આ અંગે વિવાદ ચાલી રહ્યો હતો.આરોપીઓએ થોડા દિવસ પહેલા ભાજપ નેતાને જમીન પર પગ ન મૂકવાની ચેતવણી પણ આપી હતી. જ્યારે ભાજપ નેતા જમીન વાવવા પહોંચ્યા, ત્યારે ગુસ્સે ભરાયેલા પાડોશીએ ગઈકાલે રાત્રે તેમને ત્રણ ગોળી મારીને હત્યા કરી દીધી. પોલીસે જણાવ્યું કે શુક્રવારે મોડી રાત્રે સોનીપતમાં ભાજપ નેતાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જમીનના વિવાદને કારણે આ હત્યા કરવામાં આવી હતી. માહિતી સામે આવી છે કે ભાજપ નેતાએ આરોપીની કાકીની જમીન ખરીદી હતી. જોકે, આરોપીઓએ ભાજપના નેતાને જમીન પર પગ ન મૂકવાની ચેતવણી આપી હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

GUVNL



# પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના

અંતર્ગત

# મોડલ સોલાર વિલેજ સ્પર્ધા

## સ્પર્ધાનો સમયગાળો

## ૧ એપ્રિલ ૨૦૨૫ થી 30 સપ્ટેમ્બર ૨૦૨૫

- **યોગ્યતા :** રેવન્યુ ગામ કે જેની વસતી **૫૦૦૦ થી વધુ** હોય (છેલ્લી વસ્તી ગણતરી મુજબ) તે તમામ આ સ્પર્ધામાં ભાગ લેવાની યોગ્યતા ધરાવે છે.
- ભારત સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોત મંત્રાલય (MNRE)ની મોડલ સોલાર વિલેજની ગાઈડલાઈન મુજબ રેવન્યુ ગામની હદમાં સ્થાપિત સોલાર રૂફટોપ, PM KUSUM યોજના અંતર્ગત સ્થાપિત ગ્રાઉન્ડ માઉન્ટેડ સ્મોલ સ્કેલ RE પ્લાન્ટ અથવા એક જ સ્થળે સ્થાપિત 10MWથી ઓછી ક્ષમતાના RE પ્લાન્ટ આ તમામ દ્વારા સ્થાપિત વિતરિત પુનઃપ્રાપ્ય ઊર્જા (Distributed RE)ની સૌથી વધુ ક્ષમતા સ્થાપિત કરનાર ગામને મોડલ સોલાર વિલેજ તરીકે જાહેર કરવામાં આવશે.
- સંબંધિત ગામના નિયત સત્તાધિકારીએ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સમિતિને અરજી કરવાની રહેશે.
- MNRE, ભારત સરકાર તરફથી **જિલ્લા દીઠ એક** મોડલ સોલાર વિલેજને સેન્ટ્રલ ફાઇનાન્સ આસિસ્ટન્સ (CFA) તરીકે **₹ ૧ કરોડ**ની રકમ મળવાપાત્ર રહેશે.

**યોજના ની વધુ વિગત માટે www.guvnl.com વિઝીટ કરો**

ફક્ત 1 વર્ષના ટૂંકાગાળામાં

**2.75+ લાખ** થી

વધુ લોકો દ્વારા

**1000 મેગાવોટથી વધુની**

સોલાર સિસ્ટમનું સ્થાપન

રહેણાંક ક્ષેત્ર માટે નાણાંકીય સહાય

**₹ 78,000*** સુધીની મર્યાદામાં

| | |
|---|---|
| ૧ KW → | ₹ 30,000 |
| ૨ KW → | ₹ 60,000 |
| 3 KW કે તેથી વધુ → | ₹ 78,000 |

માન. વડાપ્રધાનશ્રીના
માર્ગદર્શન અને
માન. મુખ્યમંત્રીશ્રીના
નેતૃત્વ હેઠળ ગુજરાતના ગામો હવે
**મોડલ સોલાર વિલેજ**
બની દેશના અનેક ગામો માટે બનશે
**રોલ મોડલ**

**શ્રી કનુભાઈ દેસાઈ**
માન. મંત્રી - નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ
ગુજરાત સરકાર

જો તમે પણ તમારી છત પર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા ઈચ્છુક હોવ તો આજે જ
**https://pmsuryaghar.gov.in** વિઝીટ કરો